Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धि कार्या ।

श्री

# જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૬૦ મું :: અંક ૩ જો

વીર સંવત ૨૪૭૦ ❋ વિક્રમ સંવત ૨૦૦૦

પોષ

પ્રગટકર્ત્તા

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા

ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

બહારગામ માટે બાર અંક ને ભેટના પોસ્ટેજ સાથે વાર્ષિક લવાજમ રૂા. ૧-૧૨-૦

પુસ્તક ૬૦ મું } પોષ { વીર સં. ૨૪૭૦
અંક ૩ જો } { વિક્રમ સં. ૨૦૦૦

## अनुक्रमणिका


૧. શ્રી સીમંધર જિન સ્તવન ... ( આ. શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી ) ૬૫
૨. પ્રભુપૂજન ... ... ... ... ( બાલચંદ હીરાચંદ કવિ ) ૬૬
૩. मंगल की कामना ... ... ... ... ( રાજમલ ભંડારી ) ૬૬
૪. સંત-સ્વરૂપ દર્શન ... ... ... ( મગનલાલ મોતીચંદ શાહ ) ૬૭
૫. શ્રી પ્રશ્નસિંધુ ... ... ... ( આ. શ્રી વિજયપદ્મસૂરિ ) ૬૮
૬. કેટલાક ન્યાય : ૨ ... ... ( પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા ) ૭૩
૭. અનુમતિવિવરણ ... ... ... ... ... ( કુંવરજી ) ૭૬
૮. ચંદાવિજ્ઝય અથવા ચંદગવિજ્ઝં પઇણ્ણયં ... ... ( કુંવરજી ) ૭૭
૯. જ્ઞાનનય અને ક્રિયાનયની વક્તવ્યતા ... ( મુનિ શ્રી પુણ્યવિજયજી ) ૭૯
૧૦. પ્રશ્નોત્તર ... ... ( પ્રશ્નકાર-માસ્તર હિંમતલાલ લાલચંદ પેથાપુર ) ૮૦
" ( પ્રશ્નકાર-શા. વાડીલાલ રામજી નોંઘણવદર ) ૮૨
૧૧. સુવર્ણ ... ... ... ... ( રાજપાળ મગનલાલ વ્હોરા ) ૮૪
૧૨. શ્રી આનંદઘનજીનું દિવ્ય જિનમાર્ગદર્શન : ૨ ... ...
( ડૉ. ભગવાનદાસ મનસુખભાઈ મહેતા ) ૮૫
૧૩. વ્યવહાર કૌશલ્ય ( ૨૧૧-૨૧૨ )... ... ... ( મૌક્તિક ) ૯૦
૧૪. પ્રભાવિક પુરુષો : પટ્ટધરબેલડી : ૬ ... ( મોહનલાલ દીપચંદ ચોકસી ) ૯૨


### શ્રી જૈન ધર્મ પ્રકાશના ગ્રાહકોને સૂચના

આ વર્ષે ભેટ આપવાની બુકો તૈયાર થઇ ગઇ છે. સં. ૧૯૯૯ ના ચૈત્રથી સં. ૨૦૦૦ ના આસો સુધી વર્ષ ૧ તથા સાત માસના લવાજમના રૂા. ૨॥। પોણા ત્રણ આવ્યેથી બુકો મોકલી આપવામાં આવશે. જેઓએ લવાજમ સં. ૨૦૦૦ ના ફાગણ સુધી ભરી દીધું હોય તેઓએ એક રૂપિયો મોકલવો. પોસ શુદિ પુનમ સુધીમાં લવાજમ નહીં આવે તો ત્યારબાદ ભેટના પુસ્તકોનું વી. પી. કરવામાં આવશે. વી. પી.ના નાહકના ખર્ચમાંથી બચવા માટે વેળાસર લેણું થતું લવાજમ મોકલી આપવા વિજ્ઞપ્તિ છે.

પોષ માસના અંકથી " જૈન ધર્મ પ્રકાશ "ની પ્રકાશનની તારીખ ફરી છે. માસિક દર અંગ્રેજી મહિનાની પાંચમી તારીખને બદલે હવેથી તા. ૨૫ મીએ બહાર પડશે. હવેનો માહ માસનો અંક ૨૫ મી જાન્યુઆરીએ પ્રગટ થશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રાણિ મોક્ષમાર્ગઃ

# જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૬૦ મું
અંક ૩ જો

પોષ

વીર સં. ૨૪૭૦
વિ. સં. ૨૦૦૦

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या । ( મુદ્રાલેખ )

## શ્રી સીમંધર જિન સ્તવન

( રાગ–પપીહા રે, પપીહા રે, પપીહા રે. )

શશીયા રે, શશીયા રે, શશીયા રે, મેરે પ્રભુસે કહીયો જાય;
સીમંધર તોરા દર્શન ચાહું, દિલમેં બહુ તલસાય ॥ ૧ ॥

મૈં ચાહું તુમ દર્શ હમ્મેશાં, પડા હું તુમસે દૂર;
કોસ હજારો અંતર બીચમેં, મીલનેસે મજબુર હા !
ભરતક્ષેત્રમેં મૈં હું બેઠા, અહનિંશ ધ્યાન લગા ॥ ૨ ॥

નીચ કર્મ પ્રભુ મેરે કિતને, વિરહ દર્શકા ઘોર;
તડફ રહી હૈ જાન હમારી, કર રહી શોરબકોર હા !
પલપલ ધ્યાન ધરું મૈં તુમરા, જલ્દી દર્શ દીખા ॥ ૩ ॥

નહિ મિલતે હા પ્રભુજી મેરે, રહી કાંપ મેરી કાયહવેલી;
એક વાર જો દર્શ મિલે તો, સુખકી લ્હેર લગીજે;
પ્યારા પ્યારા પલપલ સમરું, સીમંધર દર્શન દીજે;
તેરી યાદમેં આંખે ભર ગઇ, ચિત્ત રહા કંપાય ॥ ૪ ॥

પાંખ હોય તો ઉડકર આઉં, જ્ઞાન આંખ જો હોય અલબેલી;
દેખું તુમારા નૂર પ્રભુજી, દીલગી ખૂબ ઉડાઉં;
ઉસ દિન જાગે ભાગ્ય હમારા, વાણી કાને પીલાઉં;
આત્મ કમલમેં લબ્ધિ મીલ ગઇ, માનું સેવા પાય ॥ ૫ ॥

આચાર્ય શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રભુ પૂજન

( પંથડો નિહાળું રે બીજા જિનતણો રે-એ દેશી )

પૂજન જિણંદનું શી રીતે કરું રે, કોઈ અનુભવી માર્ગ બતાવ. આંકણી.
કુંભ ભરી જલ લાવું નિરમળું રે, પંચામૃત ગંધ મિલાય ॥ ૧ ॥
સ્નાન કરાવી અંગ પખાળવા રે, કરવા સહુ નિરમળ ગાત્ર ॥ ૨ ॥
પ્રભુ છે નિરમળ શુચિતનુ ચંદ્રમા રે, લવ મેલ ન સંભવ અંગ ॥ ૩ ॥
નિરમળનો મળ એ ધોવાતણો રે, બાલિશ છે ચરન અસંગ ॥ ૪ ॥
ચંદન કેશર મિશ્ર બરાસથી રે, મહકે બહુ ગંધ મિલાય ॥ ૫ ॥
પ્રભુ તનુ અદ્‌ભુત ગંધભરી ઘણી રે, વ્યાપી જે ત્રિભુવન માય ॥ ૬ ॥
ગંધસમૂહ ઉપર કરું લેપને રે, શું ઉચિત છે માર્ગ અસંગ ? ॥ ૭ ॥
કલ્પતરુને તોરણ આમ્રનું રે, ચિંતામણિ આગળ કાચ ॥ ૮ ॥
લક્ષ્મી આગળ ધરું રજત સુવર્ણને રે, એહવો છે વ્યર્થ પ્રયત્ન ॥ ૯ ॥
જેહના જ્ઞાન અપૂર્ણ ચારિત્રનો રે, વ્યાપ્યો છે ત્રિભુવન ગંધ ॥ ૧૦ ॥
એહવા જિનપતિ આગળ ગંધ દશાંગનો રે,કરવો શું ધૂપ નિગંધ ॥૧૧॥
જેહની જ્યોત છે મૂર્ત અખંડની રે, તેહ આગળ શું દીપ ? ॥ ૧૨ ॥
પ્રભુતન્મયતા આતમ જ્યોતની રે, એ પ્રભુ પૂજન ભાવ ॥ ૧૩ ॥
પ્રભુભક્તિનો માર્ગ જડે નહી રે, પ્રભુજી તું જ બતાવ ॥ ૧૪ ॥
બાલતણીએ બાલિશ પ્રાર્થના રે, દીન દયાનિધિ પાય ॥ ૧૫ ॥

બાલચંદ હીરાચંદ-માલેગામ

---

# मंगल की कामना ।

ॐ

करे सब कामना येही, हमारा हो सदा मंगल ।
न चाहले स्वप्न में प्राणी, अनिष्टकारी वो अमंगल ॥ १ ॥
करे आशा सदा मनमें, सुखी कैसे बने जगमें ।
न जीवनमें कभी दुःख हो, सदा होता रहे मंगल ॥ २ ॥
मीले धन धाम और वैभव, त्रिया सुत मन मुताबिक हो ।
कमी नहीं होय वस्तु की, न करना फिर पड़े दंगल ॥ ३ ॥
अखिल जग की यही ख्वाहिश, हुवे परिपूर्ण कैसे ही ।
जो मंगल ही सदा चाहते, रहा है वह कहां मंगल ॥ ४ ॥
लगा सुवास की आशा, दुःखी होता सदा मन में ।
हिरन कस्तुरीया देखो, भटकता फिरता है जंगल ॥ ५ ॥
रही कस्तुरी नाभि में, मगर ढुंढे हैं जंगल में ।
समझता है नहीं मनमें, यही अज्ञान अमंगल ॥ ६ ॥

For Private And Personal Use Only

बताये चार पुरुषारथ-धरम अर्थ काम व मोक्ष।
भूला कर धन को चाहे, कहो कैसे हुवे मंगल ॥ ७ ॥
अर्थ और काम पुरुषारथ, लगे सब साधने जगमें।
प्रथम पुरुषार्थ के बिन यह, मचाते हैं सदा दंगल ॥ ८ ॥
इसी के वास्ते पहिले, धरम पुरुषार्थ ही साधो।
यही चिन्तामणि जगमें, कहाता है यही मंगल ॥ ९ ॥
प्रथम समभाव धारण कर, समझना तीन तत्वों को।
श्रद्धा यथार्थ फिर कर के, हरो मिथ्यात्व अमंगल ॥ १० ॥
हृदय में सुख व शान्ति का, भरा है कोष उत्तम ही।
अनुभव धर्म से करना, भटकना राज नहीं जंगल ॥ ११ ॥

राजमल भंडारी-आगर (मालवा)

---

# સંત-સ્વરૂપ દર્શન

अनुष्टुप्।

आत्मन्यपि न विश्वास-स्तावान्भवति सत्सु यः।
तस्मात्सत्सु विशेषेण, सर्वः प्रणयमिच्छति ॥ १ ॥

( રાગ ભીમપલાસ-હીંચ. મારા તે બાગમાં વાગ્યે ડોલરિયો. )

સુંદર શાં શોભે છે સંતનાં મુખડાં(૨)સાત્વિક સુખનાં એ કરતા સિંચન.સું૦
વૈરી વિરોધી વિષાદોને ટાળતા, સદાય કરતા એ આત્મમંથન. સુંદર૦
ભૂતદયાનો મંત્ર સમજાવી, સર્વ જીવોનું એ કરતા જતન. સુંદર૦
હર્ષ ને શોકના સંકલ્પો છોડી, ઉદાસીન ભાવમાં લાગી લગન. સુંદર૦
ત્યાગભાવ સેવ્યો છે ત્રિકરણ યોગે, માયા તૃષ્ણાનું જ્યાં નથી દર્શન.સું.
રાગ દ્વેષનો ભોગવટો છોડ્યો છે, વીતરાગ ભાવનું કરતા મનન. સુંદર૦
આત્મદર્શનના પ્રેક્ષક બનીને, નિર્વેદનું કરતા નિદિધ્યાસન. સુંદર૦
અભયદાનના અધ્યાત્મયોગી, છોડે વૈભાવિક સર્વ સ્પર્શન. સુંદર૦
વાદવિવાદે ન રાચે કદાપિ, શાસ્ત્રોનાં કરતાં એ ઊંડા રટણ. સુંદર૦
સંયમ સુવાસિત પુષ્પની લ્હેરે, ભ્રમણ સમ બની કરતા ગુંજન. સુંદર૦
સામ્ય ભાવ સેવે છે સુખમાં ને દુ:ખમાં, દેહાધ્યાસનું કરતા દમન. સુંદર
દૃષ્ટિમાં ભેદજ્ઞાન ભરીને, સૃષ્ટિનું કરતાં એ સાચું દર્શન. સુંદર
ક્લિષ્ટ ભવબંધનના દુ:ખો વિચારી, ત્રિરત્નના સદા કરતા પાલન. સુંદર
કાયા વાચા ને મનના વ્યાપારોમાં,સંતભાવનું જ્યાં પડે પ્રતિબિંબન. સું૦
સૂર્યપ્રભાવવડે કમળ ખીલે છે, સંતદર્શનથી ખીલે છે સુમન. સુંદર૦
સંત સમાગમ ભવાબ્ધિ તારે, એક ક્ષણનો થાય ભાવ સંબંધન. સુંદર૦
શરણાગત તારી સ્વાત્મ ઉદ્ધારી,પામ્યા છે એ સંત મુક્તિ સદન. સુંદર૦

મગનલાલ મોતીચંદ શાહ-વઢવાણ કેમ્પ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી પ્રશ્નસિંધુ

(૪)

રચયિતા—આ. શ્રી વિજયપદ્મસૂરિ

( અનુસંધાન પૃ૪ ૪૦ થી )

૩૪. પ્રશ્ન—શાસ્ત્રમાં 'વ્યંતર' શબ્દનો વ્યુત્પત્તિને અનુસારે શો અર્થ જણાવ્યો છે?

ઉત્તર—અંતર એટલે રહેવાનું સ્થાન. જેમનું ભવન, નગર ને આવાસરૂપ સ્થાન જુદા જુદા પ્રકારનું હોય તે વ્યંતર કહેવાય. એટલે વ્યંતરો કોઇ વખત ભવનોમાં, કોઇ વખત નગરોમાં ને કોઈ વખત આવાસમાં રહે છે. આ રીતે તેમને રહેવાનું સ્થાન (આશ્રય) જુદું જુદું હોવાથી તે દેવો વ્યંતર કહેવાય છે. રત્નપ્રભા પૃથ્વીના પહેલા રત્નકાંડના હજાર યોજનમાંથી ઉપરના સો યોજન ને નીચેના સો યોજન સિવાયના વચ્ચેના ૮૦૦ યોજન પ્રમાણ મધ્યભાગમાં વ્યંતરોના ભવનો જણાવ્યા છે. નગરો તિર્ચ્છાલોકમાં ને આવાસ ત્રણે લોકમાં એટલે પાંડુકવન વગેરે સ્થલે વ્યંતરોના આવાસ હોય છે. આ પ્રસંગે વ્યુત્પત્તિને આશ્રીને બીજી પણ વ્યાખ્યા થઈ શકે છે તે વિસ્તારથી શ્રી પ્રજ્ઞાપના ટીકા વિગેરેમાંથી જાણવી. ૩૪.

૩૫. પ્રશ્ન—ચંદ્ર, સૂર્ય વગેરે દેવો જ્યોતિષ્ક કહેવાય છે. અહીં જ્યોતિષ્ક શબ્દનો અર્થ શો?

ઉત્તર—જે દેવો જગતને પ્રકાશિત કરે તે જ્યોતિષ્ક કહેવાય. કહ્યું છે કેઃ—**द्योतयन्ति=प्रकाशयन्ति जगदिति ज्योतींषि=विमानानि, तेषु भवाः=ज्योतिष्काः** વિશેષ બીના શ્રી પ્રજ્ઞાપનાદિથી જાણવી. ૩૫.

૩૬. પ્રશ્ન—ચાર પ્રકારના દેવોમાં ચોથા વૈમાનિક દેવો જણાવ્યા છે. અહીં "**वैमानिक**" શબ્દનો વ્યુત્પત્તિને અનુસારે કઈ રીતે અર્થ કરવો?

ઉત્તર—પુણ્યશાળી જીવો જ્યાં રહે તે વિમાન કહેવાય. તે વિમાનમાં રહેનારા દેવો વૈમાનિક કહેવાય. કહ્યું છે કે—"**विविधं मन्यन्ते उपभुज्यन्ते पुण्यवद्भिर्जीवैरिति विमानानि, तेषु भवा वैमानिकाः**" **इत्यादि**. ૩૬.

૩૭. પ્રશ્ન—પૂજ્ય શ્રી ગૌતમસ્વામી ગણધર મહારાજા મહાપુણ્યશાલી હતા, તથા પ્રભુ શ્રી મહાવીરદેવે કહેલી ત્રિપદીને સાંભળતાંની સાથે જ થયેલ વિશિષ્ટ શ્રુતજ્ઞાનાવરણ ક્ષયોપશમને ધારણ કરનારા હતા, ચૌદ પૂર્વના જાણકાર હતા, તેથી તે દરેક પદાર્થની યથાર્થ બીના જરૂર જાણે જ; છતાં તે ગૌતમ મહારાજા પ્રભુ શ્રી મહાવીરદેવને શા માટે પ્રશ્નો પૂછે છે?

ઉત્તર—૧ ઉદયમાં વર્ત્તતા એવા જ્ઞાનાવરણીયાદિ કર્મોના પ્રતાપે છદ્મસ્થ જીવોને અનુપયોગ ભાવ (શરતચૂક, ઉપયોગરહિતપણું) સંભવે છે તેથી. ૨ શિષ્યોની આગળ પોતે જે પદાર્થસ્વરૂપ જણાવ્યું હોય તે સ્વરૂપ તે જ પ્રમાણે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શિષ્યો પ્રભુદેવની પાસે ગણધરે પૂછેલા પ્રશ્નના ઉત્તરરૂપે સાંભળે, ત્યારે શિષ્યોને એમ વિશેષ ખાત્રી થાય કે ગણધરદેવો પ્રભુ શ્રી તીર્થંકરદેવના કહ્યા પ્રમાણે જ જણાવે છે. આ રીતે શિષ્યોને વિશેષ ખાત્રી કરાવવા માટે, ૩ બીજા ભવ્ય જીવોને વિશેષ સમજાવવા માટે, ૪ હું વિવક્ષિત પદાર્થનું સ્વરૂપ જે રીતે સમજું છું તેને પ્રભુદેવના વચનની સાથે મેળ છે કે નહિ? આ બાબતમાં હું પૂછીશ તો મારી ભૂલ હશે તો સુધરશે તેવા ઇરાદાથી, ૫ ઘણું કરીને જેમાં ગણધરો પ્રશ્ન પૂછે, ને પ્રભુ શ્રી તીર્થંકર દેવો જવાબ આપે, આવા સૂત્રના વિધિને જાળવવા માટે શ્રી ગૌતમસ્વામી (ઉપલક્ષણથી બીજા પણ ગણધરો) પ્રભુને પ્રશ્નો પૂછે છે. આ પ્રમાણે શ્રી ભગવતીસૂત્રની ટીકામાં પૂજ્ય શ્રી અભયદેવસૂરીશ્વરજીએ ને શ્રી પ્રજ્ઞાપનાસૂત્રની ટીકામાં પૂજ્ય શ્રી મલયગિરિ મહારાજે જણાવ્યું છે. ૩૭.

૩૮. પ્રશ્ન—પૂજ્ય શ્રી ગણધર ભગવંતો કયા કયા કારણોને લક્ષ્યમાં લઇને દ્વાદશાંગી ગણિપિટકની રચના કરે છે?

ઉત્તર—છ કારણોને ધ્યાનમાં લઇને પૂજ્ય શ્રી ગણધરદેવો દ્વાદશાંગી ગણિ-પિટકની રચના કરે છે, તે આ પ્રમાણે-૧ સૂત્રરૂપે ગુંથાયેલો અર્થ શિષ્યો સ્હેલાઇથી ભણી શકે. ૨ સૂત્રને ભણ્યા પછી તે ભણેલો અર્થ સૂત્રરૂપે હોય તો સુખેથી યાદ કરી શકાય. ૩ એ જ પ્રમાણે હૃદયમાં સૂત્રરૂપે ગુંથેલ અર્થ લાંબા કાળ સુધી ધારી શકાય. ૪ પૂછી શકાય. ૫ બીજાને જણાવી શકાય. ૬ પ્રભુ શ્રી તીર્થંકરદેવ અર્થને કહે ને ગણધરદેવ સૂત્રને ગુંથે એ અનુક્રમે તે બંનેનો આચાર છે. કહ્યું છે કે—"**अत्थं भासइ अरिहा, सुत्तं गंथंति गणहरा निउणं**" આ છ કારણથી ગણધરો સૂત્રરૂપે દ્વાદશાંગી ગણિપિટકની રચના કરે છે, એમ શ્રી આવશ્યકનિર્યુક્તિ તથા લોકપ્રકાશાદિમાં જણાવ્યું છે. આવશ્યકનિર્યુક્તિની ગાથા આ પ્રમાણે—

**घित्तुं च सुहं सुहगणणं, धारणा दाउं पुच्छिउं चेव ॥**
**एएहिं कारणेहिं, जीयंति कयं गणहरेहिं ॥ ९१ ॥**

૩૯. પ્રશ્ન—કુમારપાલ મહારાજાએ કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજની પાસે કેટલી ઉંમરે કઇ સાલમાં સમ્યક્ત્વ મૂલ બારે વ્રતો અંગીકાર કર્યા?

ઉત્તર—રાજા કુમારપાલનો જન્મ વિ. સં. ૧૧૪૯ માં, રાજ્યાભિષેક ૫૦ વર્ષની ઉંમરે વિ. સં. ૧૧૯૯ માં ને વિ. સં. ૧૨૧૬ માં ગુરુમહારાજ શ્રી હેમચં-દ્રાચાર્યની પાસે ૬૭ વર્ષની ઉંમરે બાર વ્રતધારી શ્રાવક બન્યા. ૩૯.

૪૦. પ્રશ્ન—પરમાર્હત્ કુમારપાલ રાજા કેટલી ઉંમરે મરણ પામીને કઇ ગતિમાં ગયા?

ઉત્તર—કુમારપાલ રાજા ૮૧ વર્ષની ઉંમરે મરણ પામી વ્યંતરજાતિમાં દેવપણે ઉત્પન્ન થયા, એમ કુમારપાલ રાસ વગેરે ગ્રંથોમાં જણાવ્યું છે. ૪૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૪૧. પ્રશ્ન—કુમારપાલ રાજા આવતી ચોવીશીમાં કયા તીર્થંકરના સમયે કેટલામા ગણધર થશે ?

ઉત્તર—કલિકાલસર્વજ્ઞ શ્રી હેમસૂરિ મહારાજે રાજા કુમારપાલને એક વખત જણાવ્યું કે–હે રાજન્! તમે આ ભવનું આયુષ્ય પૂર્ણ કરીને વ્યંતરદેવ થશો. દેવભવનું આયુષ્ય પૂરું કરીને આ ભરતક્ષેત્રમાં ભદ્દિલપુર નગરમાં શતાનંદ રાજાની ધારિણી રાણીના શતબળ નામે પુત્ર થશો. અહીં કેટલોક વખત રાજ્યનું પાલન કરીને શ્રેણિક રાજાનો જીવ જ્યારે પદ્મનાભ નામે પહેલા તીર્થંકરપણે વિચરતા હશે તે વખતે તે પ્રભુની નિર્મલ દેશના સાંભળીને, વૈરાગ્યરંગે રાજ્યપાટ ત્યજીને સંયમ ગ્રહણ કરી અગિયારમા ગણધર થશો. એ જ ભવમાં કેવલી થઇને મોક્ષે જશો. આ રીતે કુમારપાલ રાજાના ભવથી ગણીએ તો તે ત્રીજે ભવે મોક્ષમાં જશે, એમ કહી શકાય. વિશેષ બીના કુમારપાલરાસમાં જણાવી છે. ૪૧.

૪૨. પ્રશ્ન—કુમારપાલ મહારાજા પાછલા ભવમાં કોણ હતા ?

ઉત્તર—મેવાડ દેશમાં આવેલા જયપુર નગરના જયકેશી રાજાના નરવીર નામે પુત્ર હતા. તે સાતે વ્યસન સેવતા હતા ને પ્રજાને હેરાન કરતા હતા તેથી જયકેશી રાજાએ કહ્યું કે-તું અહીંથી ચાલ્યો જા. ત્યાંથી નીકળીને નરવીર લૂંટફાટ કરતાં અનુક્રમે રસ્તામાં ચાલતાં ચાલતાં શ્રી યશોભદ્રસૂરિની દેશના સાંભળી સાતે વ્યસનનો ત્યાગ કર્યો. ગુરુજીનો ઉપકાર માની, વંદન કરી આગળ ચાલતાં એકશિલા નગરીના રહીશ આઢર શેઠને ત્યાં નોકરી કરતાં શેઠ ધર્મી હોવાથી તે પણ ધર્મી બન્યો. અહીં પર્યુષણા પર્વમાં નરવીરે ઉપવાસ કર્યો ને પાંચ કોડીના ૧૮ ફૂલ ચઢાવીને પરમ ઉલ્લાસથી શ્રી અજિતનાથ પ્રભુની પૂજા કરી. વિનયાદિ ગુણને લઇને આઢરશેઠ નરવીરના ઉપર બહુ જ ધર્મરાગ ધારણ કરતા હતા. પર્યુષણા પર્વમાં કરેલા ઉપવાસના પારણામાં આહાર જરા અધિક લેવાયો તેથી આકુળવ્યાકુળ થવા લાગ્યો. તબીયત નરમ થતાં નરવીરને સાધર્મિક જાણીને શેઠે સાજો કરવા બહુ જ પ્રયત્નો કર્યા. શેઠ તેના પગ પંપાળવા લાગ્યા. આ બનાવ જોઇને નરવીરે વિચાર્યું કે; આ શેઠ મારી ચાકરી કરે છે, તે શ્રી જૈનધર્મનો જ પ્રભાવ છે. આવો ઉત્તમ ધર્મ મને ભવોભવ મળજો. આવી શુભ ભાવના ભાવતાં આઢર શેઠના કહ્યા પ્રમાણે અંતિમ આરાધના કરી આયુષ્ય પૂર્ણ કરી તે રાજપુત્ર નરવીર અઢાર દેશના રાજા કુમારપાલ થયા. યશોભદ્રસૂરિ તે કાળક્રમે શ્રી હેમચંદ્રસૂરિ થયા ને આઢર શેઠનો જીવ કાલક્રમે મંત્રી ઉદાયન થયા. આ પ્રમાણે શ્રી કુમારપાલ ચરિત્રાદિ અનેક ગ્રંથોમાં જણાવ્યું છે. આ બીનામાંથી પર્યુષણામાં કરેલા ઉપવાસનો અને પ્રભુપૂજાનો મહિમા વગેરે રહસ્ય જાણીને ભવ્યજીવોએ શ્રી જૈનધર્મની સાત્ત્વિકી આરાધના કરી આત્મહિત સાધવું. ૪૨.

૪૩. પ્રશ્ન—ઉદીરણા અને આગાલનું સ્વરૂપ શું ?

ઉત્તર—પ્રથમ સ્થિતિમાં વર્ત્તમાન જીવો ઉદીરણા પ્રયોગથી તે (પ્રથમ સ્થિતિ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્મદલિકોને ખેંચીને જે ઉદયાવલિકામાં દાખલ કરે તે ક્રિયા–ઉદીરણા કહેવાય, ને એ રીતે બીજી સ્થિતિમાં રહેલા કર્મદલિકોને તે જ ઉદીરણા પ્રયોગથી ખેંચી ઉદયાવલિકામાં દાખલ કરે તે ક્રિયા–આગાલ કહેવાય વિગેરે બીના શ્રી કર્મ-પ્રકૃતિ–પંચસંગ્રહાદિ ગ્રંથોમાં વિસ્તારથી જણાવી છે. ૪૩.

૪૪. પ્રશ્ન—અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવ સમ્યગ્દર્શન પામતાં અંતરકરણ કરે, એમ શ્રી આવશ્યકટીકા, વિશેષાવશ્યકટીકા, કર્મપ્રકૃતિ, પંચસંગ્રહાદિમાં જણાવ્યું છે. અહીં જણાવેલા "અંતરકરણ"નું સ્વરૂપ શું ?

ઉત્તર—અંતર્મુહૂર્ત્ત કાળ સુધી ભોગવવા લાયક મિથ્યાત્વદલિકો જે મધ્ય-ભાગમાં રહ્યા છે, તે કર્મદલિકોને જે અધ્યવસાયોથી અથવા જે ક્રિયા દ્વારા પ્રથમ સ્થિતિમાં ને દ્વિતીય સ્થિતિમાં દાખલ કરી શકાય તે અધ્યવસાયો અથવા ક્રિયા અંતરકરણ કહેવાય. આ જણાવેલી બીનાનું રહસ્ય એ છે કે જે અધ્યવસાયોના પ્રતાપે અથવા જે ક્રિયાના પ્રતાપે પહેલી અને બીજી સ્થિતિની વચમાં આંતરું (મિથ્યાત્વના દલિયા વગરનો ખાલી ભાગ) પાડી શકાય તેવી જે ક્રિયા, અથવા તેવા જે અધ્યવસાયો તે અંતરકરણ કહેવાય. આ અંતરકરણની નીચેની જે સ્થિતિ તે પ્રથમ સ્થિતિ કહેવાય ને ઉપરની જે સ્થિતિ તે દ્વિતીય સ્થિતિ કહેવાય. વિશેષ બીના સ્પષ્ટાર્થ સહિત શ્રી સિદ્ધચક્ર પૂજાદિમાં શ્રી કર્મપ્રકૃતિ ટીકા, કર્મગ્રંથ ટીકા-દિના આધારે જણાવી છે. ૪૪.

૪૫. પ્રશ્ન—ચુમ્માલીસમા પ્રશ્નમાં જણાવેલ સ્વરૂપવાળું અંતરકરણ કરવાનું કારણ શું ?

ઉત્તર—આગળ પામવા લાયક અંતર્મુહૂર્ત્ત પ્રમાણ સ્થિતિવાળા ઔપશમિક સમ્યગ્દર્શનને મિથ્યાત્વમોહનીયના પુદ્ગલો વિઘ્ન ન કરે (બગાડે નહિ–મલિન ન કરે) તે હેતુથી અંતરકરણ કરાય છે. પૂર્વધર ભગવંતોએ આ અંતરકરણને અન્ત-ર્મુહૂર્ત્ત પ્રમાણ સ્થિતિવાળું કહ્યું છે. વિશેષ બીના શ્રી પંચસંગ્રહાદિથી જાણવી. ૪૫

૪૬. પ્રશ્ન—વેદક સમ્યકત્વનું સ્વરૂપ શું ?

ઉત્તર—શાસ્ત્રકાર ભગવંતે આ વેદક સમ્યક્ત્વને ક્ષાયોપશમિક સમ્યક્ત્વના ભેદ તરીકે જણાવ્યું છે અને તે વ્યાજબી જ છે; કારણ કે વધતા શુભ પરિ-ણામવાળા ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિ જીવોને અનુક્રમે અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ, મિથ્યાત્વમોહનીય–મિશ્રમોહનીય ખપાવીને છેવટે સમ્યક્ત્વમોહ-નીયને ખપાવતાં છેલ્લા સમયે એટલે ક્ષાયોપશમિકના છેલ્લા સમયે જે શ્રદ્ધા હોય તે વેદકસમ્યક્ત્વ કહેવાય. આ વેદકસમ્યક્ત્વનો કાળ (ટાઇમ–વખત) જઘન્યથી અને ઉત્કૃષ્ટથી એમ બંને રીતે એક સમય જ જાણવો. આવા સ્વરૂપવાળું વેદક સમ્યક્ત્વ એક વાર જ પામી શકાય, તેની સત્તા (હયાતી) અવિરતિ સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનકથી માંડીને સાતમા અપ્રમત્ત ગુણસ્થાનક સુધીના ચાર ગુણસ્થાનકોમાં જાણવી. જ્યારે નિર્મલ અધ્યવસાયો ચઢતા હોય ત્યારે જ આ વેદક સમ્યક્ત્વ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પામી શકાય છે, માટે આ વેદકને વૃદ્ધિવાળું કહ્યું છે. વેદકસમ્યક્ત્વ પામ્યા બાદ પછીના સમયે શુભપરિણામે વધતા ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ જીવો જરૂર ક્ષાયિક સમ્યક્ત્વને પામે છે. વિશેષ બીના સ્પષ્ટાર્થવાળી શ્રી સિદ્ધચક્રપૂજાદિમાં જણાવી છે. ૪૬.

૪૭. પ્રશ્ન—ભરત ચક્રવર્ત્તી આરિસા ભુવનમાં અનિત્ય ભાવના ભાવતાં ભાવતાં લોકાલોકપ્રકાશક કેવલજ્ઞાન પામ્યા, તે વખતે તેમની ઉંમર કેટલી હતી ?

ઉત્તર—ભરત ચક્રવર્ત્તીનું આયુષ્ય ૮૪ લાખ પૂર્વ પ્રમાણ હતું. તેમાંથી ૮૩ લાખ પૂર્વ વીત્યા બાદ કેવલી થયા. એક લાખ પૂર્વ પ્રમાણ કેવલીપર્યાયમાં સ્વપરતારક થઈને તેઓ સિદ્ધ થયા. ૪૭.

૪૮. પ્રશ્ન—જ્યારે ભરત ચક્રવર્ત્તીનો જન્મ થયો તે વખતે પ્રભુશ્રી આદિદેવની ઉંમર કેટલી હતી ?

ઉત્તર—ભરતચક્રીના જન્મ સમયે પ્રભુશ્રી આદિનાથની વય ૬ લાખ પૂર્વ પ્રમાણ હતી. ત્યારબાદ ૭૭ લાખ પૂર્વ સુધી પ્રભુશ્રી આદિનાથે રાજ્ય પાલન કર્યું. આ ૭૭ લાખ પૂર્વ પ્રમાણ કાળ શ્રી ભરતચક્રીના કુમારપણાનો સમજવો. પ્રભુશ્રી આદિનાથના ૮૩ લાખ પૂર્વ પ્રમાણ ગૃહસ્થપણાના કાળમાંથી ૬ લાખ પૂર્વ બાદ કરતાં ૭૭ લાખ પૂર્વ પ્રમાણ કુમારકાળ-ભરત મહારાજાનો આવે છે એમ શ્રી સમવાયાંગાદિમાં જણાવ્યું છે. ૪૮.

૪૯. પ્રશ્ન—બ્રાહ્મી સુંદરીનું આયુષ્ય કેટલું હતું ?

ઉત્તર—પ્રભુશ્રી ઋષભદેવની પુત્રી બ્રાહ્મી અને સુંદરીનું આયુષ્ય ૮૪ લાખ પૂર્વ પ્રમાણ હતું, એમ શ્રી સમવાયાંગાદિમાં જણાવ્યું છે. ૪૯.

૫૦. પ્રશ્ન—પ્રભુશ્રી ઋષભદેવનું ૮૪ લાખ પૂર્વ પ્રમાણ આયુષ્ય હતું. તેટલું આયુષ્ય બીજા કોઇ તીર્થંકરનું હોય કે નહિ ?

ઉત્તર—પાંચ મહાવિદેહ ક્ષેત્રમાં હાલ વિચરતા શ્રી સીમંધરસ્વામી પ્રભુ આદિ વિહરમાન વીશે તીર્થંકરોનું આયુષ્ય ૮૪ લાખ પૂર્વ પ્રમાણ જણાવ્યું છે. વિશેષ બીના શ્રી દેશનાચિંતામણિ વગેરે ગ્રંથોમાં જણાવી છે. ૫૦.

૫૧. પ્રશ્ન—વીશ વિહરમાન ભગવંતોની સાથે જેમ ઋષભદેવ પ્રભુની આયુષ્યની બાબતમાં સરખામણી જણાવી તેમ બીજી બાબતોમાં સરખામણી થઇ શકે છે કે નહિ ?

ઉત્તર—૧. શરીરનો વર્ણ સોના જેવો. ૨. શરીરની ઊંચાઇ ૫૦૦ ધનુષ્ય. ૩. કુમારાવસ્થાનો કાળ ૨૦ લાખ પૂર્વ. ૪. રાજ્યકાળ ૬૩ લાખ પૂર્વ. ૫. દીક્ષાપર્યાય ૧ લાખ પૂર્વ. આ પાંચે બાબત શ્રી ઋષભદેવની ને વીશે વિહરમાન તીર્થંકરોની એક સરખી જાણવી. શ્રી દેશનાચિંતામણિ આદિમાં આ બીના વિસ્તારથી જણાવી છે. ૫૧.

—( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કેટલાક ન્યાય

( પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા એમ. એ. )

( અનુસંધાન પૃષ્ઠ ૪૮ થી )

શંકરાચાર્યે બ્રહ્મસૂત્ર ઉપરના ભાષ્યમાં પુષ્કળ ન્યાયોનો ઉલ્લેખ કર્યો છે. આ પૈકી એના બીજા અધ્યાયના પહેલા બે પાદને લગતા ભાષ્યમાં જે ન્યાયોનો નિર્દેશ છે તેની નોંધ ડૉ. બેલ્વલકરે પોતે સંપાદિત કરેલી એની આવૃત્તિમાં પારિભાષિક શબ્દોની અર્થપૂર્વકની સૂચિમાં પૃ. ૯૨-૯૩માં લીધી છે. એમાં નીચે પ્રમાણેના ક્રમે ૧૯ ન્યાયો રજૂ કરાયેલા છે—

अन्धपङ्गु [ न्याय ] २-२-७. अन्धपरम्परान्याय २-२-३०.

अनागतसम्बन्धादतीतसम्बन्धो बलवान् [ न्याय ] २-१-३६.

अपवादाभावे उत्सर्गप्रसिद्धि [ न्याय ] २-२-३१.

आकाशघटाकाशन्याय २-१-२२.

उपक्रमे सन्दिग्धार्थवाक्यस्य तच्छेषान्निश्चय [ न्याय ] २-१-१७.

कार्यकारणानन्यत्वन्याय २-१-४. कुण्डबदर [ न्याय ] २-२-१७.

तन्तुपटन्याय २-२-१२. दृष्टाद्यादृष्टसिद्धि [ न्याय ] २-२-२.

प्रधानमल्लनिबर्हणन्याय २-१-१२.

फलवत्सन्निधौ अफलं तदङ्गम् [ न्याय ] २-१-१४.

बीजाङ्कुरन्याय २-१-३५. संवेष्टितप्रसारितपटन्याय २-१-१९.

समुद्रतरङ्गादिन्याय २-१-१३. सिकताकूप [ न्याय ] २-२-३२.

स्थूणानिखनन न्याय २-१-३४. स्रोतः सन्ताननित्यतान्याय २-२-३५.

स्वामिभृत्यन्याय २-१-४.

કઠોપનિષદ્ ( ૩-૧ )ના ભાષ્યમાં 'છત્રિન્' ન્યાયનો અને મુણ્ડકોપનિષદ્ ( ૩-૧-૫ ) ના ભાષ્યમાં 'અન્તર્દીપિકા' ન્યાયનો શંકરાચાર્યે ઉલ્લેખ કર્યો છે.

કુમારિલ અને ધર્મકીર્તિ કરતાં પછી થયેલા અને વિદ્યાનંદી અને અનંતવીર્ય કરતાં પહેલાં થયેલા એટલે કે ઇ. સ. ના આઠમા સૈકામાં થયેલા જયરાશિભટ્ટે [1]તત્ત્વોપપ્લવસિંહમાં નીચે મુજબ ત્રણ ન્યાયોનો ઉલ્લેખ કર્યો છે.

---

૧. ધર્મોત્તર અને મંડનમિશ્રનો ઉલ્લેખ કરનારા અને ઇ. સ. ૮૫૦ ની આસપાસ થઇ ગયેલા વિદ્યાનંદીએ અષ્ટસહસ્રી ( પૃ. ૩૭ ) માં " एके हि तत्त्वोपप्लववादिनः " એમ કહ્યું છે અને તત્ત્વોપપ્લવવાદના નિરસનાર્થે પાંચેક પૃષ્ઠ લખ્યાં છે. વિશેષમાં વિદ્યાનંદીએ તત્ત્વાર્થશ્લોકવાર્તિકમાં પણ આમ કર્યું છે. જુઓ પૃ. ૮૦ અને ૧૯૫.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુમતિવિવરણ

અનુમતિના ત્રણ પ્રકાર છે. ૧ પ્રતિસેવનાનુમતિ, ૨ પ્રતિશ્રવણાનુમતિ ને ૩ સંવાસાનુમતિ.

**૧. પ્રતિસેવનાનુમતિ**—કોઈપણ મનુષ્યની સાથે વસતાં તે માણસ કોઇપણ પ્રકારના પાપકાર્ય કરે તે આપણને અયોગ્ય લાગે છતાં આપણે જો તેને છતી શક્તિએ કાંઇપણ કહીએ નહીં, તેનું નિવારણ કરીએ નહીં તો આપણને પ્રતિસેવનાનુમતિનો દોષ લાગે; કારણ કે તેનાથી કરાતા અકાર્યને નિવારવાની, તેને તેમ કરતો અટકાવવાની, તેને તે કાર્ય કરવા યોગ્ય નથી એમ સમજાવવાની, આપણે સાથે રહેતા હોવાથી, આપણી ફરજ છે. તે ફરજ જો બજાવીએ નહીં અને મૂંગા રહીએ તો તેના અકાર્યમાં આપણી મૂંગી પણ અનુમતિ છે એમ સમજવું. કુટુંબી માટે તેમજ ઘરની અંદરના સ્ત્રી-પુત્રાદિ પરિવાર માટે પણ અભક્ષ્યનું ભક્ષણ કરતાં કે અપેયનું પાન કરતાં અટકાવવાની, તેને સમજાવવાની આપણી ફરજ છે. તે નહીં બજાવવાનું કારણ કયાં તો ઉપેક્ષાભાવ હોય અથવા આપણે તેનાથી દબાયેલા હઈએ તે જ સંભવે છે, પરંતુ એવા કારણથી આપણી સાચી ફરજ બજાવવામાં આપણે પ્રમાદ ન કરવો જોઇએ.

**૨. પ્રતિશ્રવણાનુમતિ**—એ છે કે-આપણી સાથેનો આપણા સંબંધવાળો કોઇપણ માણસ ન બોલવાનું અસંબદ્ધ બોલતો હોય તો તે સાંભળી ન રહેતાં તેને તેવું બોલતાં અટકાવવો જોઇએ, તેને સમજાવવો જોઇએ. તે બોલે છે તેથી અમુક પ્રકારની હાનિ છે, નુકશાન છે, કર્મબંધ છે તે વાત મીઠા શબ્દોથી સમજાવી તેવા શબ્દો વાપરતાં અટકાવવો જોઇએ, જો તેમ ન કરીએ ને સાંભળી રહીએ તો આપણને પ્રતિશ્રવણાનુમતિ સંબંધી દોષ લાગે. આ બાબતમાં પણ પ્રથમની અનુમતિ અનુસાર આપણી શક્તિનો, બુદ્ધિનો, સહવાસનો ઉપયોગ કરવો જોઇએ કે જેથી તે માણસ તેવું બોલતાં અટકે, ખોટું અભિમાન કે નિષ્કારણ ક્રોધ કરીને જેમ તેમ ન બોલે, માયા ન કેળવે, પરવંચના ન કરે. આ સંબંધમાં જો ઉપેક્ષા કરવામાં આવે તો પ્રતિશ્રવણાનુમતિ સંબંધી દોષ લાગે. ઉત્તમ મનુષ્યનું કાર્ય અન્યને સન્માર્ગે ચડાવવાનું અને ઉન્માર્ગે જતાં રોકવાનું છે. તેમાં છતી શક્તિએ પ્રમાદ ન કરવો. કદી સામા માણસને દુઃખ લાગવાનો સંભવ હોય તો પણ હિતની વાત કરતાં અચકાવું નહીં. કાંઈ સહન કરવું પડે તો તે પણ કરવું અને સાચી વાત જરૂર કહેવી.

**૩. સંવાસાનુમતિ**—સાથે રહેવાથી લાગે છે. સાથે રહ્યા છતાં સાથેના માણસો કાંઇ અકાર્ય કરતા હોય કે અસભ્ય વચનો બોલતા હોય, અભક્ષ્ય ભક્ષણ કરતાં હોય, અપેયનું પાન કરતા હોય તો તેની ઉપેક્ષા ન કરતાં તેને સારી રીતે સમજાવી અકાર્યથી પાછા વાળવા બનતો પ્રયત્ન કરવો, પ્રયત્ન કર્યા છતાં સુધરે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નહીં તો જુદી વાત છે, પરંતુ સાથે રહેતા છતાં તેની ઉપેક્ષા કરવામાં આવે, બેદરકારી રાખવામાં આવે, જેમ થાય તેમ થવા દઇએ તો સંવાસાનુમતિનો દોષ લાગે. સાથે રહેનારની ફરજ છે કે સાથે રહેનાર અન્ય મનુષ્યને બનતી રીતે સમજાવવા અને અકાર્ય કરતા અટકાવવા. પ્રયત્ન કરવાથી જરૂર તેનાથી થતા અકાર્યમાં તેમજ તેનાથી બોલાતી અસભ્ય ભાષામાં સુધારો થાય છે.

આ ત્રણે પ્રકારની અનુમતિ તેવા પ્રકારની અયોગ્ય પ્રવૃત્તિવાળાની ઉપેક્ષા કરવાથી લાગે છે માટે તેની ઉપેક્ષા ન કરતાં તેને અટકાવવા, સુધારવા, સન્માર્ગે વાળવા જરૂર પ્રયાસ કરવો. કુંવરજી

## चंदाविज्झय અથવા चंदगाविज्झं पइण्णयं

### ( નામનું કારણ અને તેમાં શું શું છે ? )

આ પયન્નો ચંદાવિજય નામથી પ્રસિદ્ધ છે પરંતુ તેનું ખરું નામ ઉપર જણાવેલ છે તે છે. તેનું સંસ્કૃત નામ ચંદ્રાવેધ્યક છે. તેનો અર્થ એ છે કે-ચંદ્રા એટલે યંત્રની પૂતળીના અક્ષીગોલકનો મધ્યભાગ જેને કીકી કહેવામાં આવે છે તેને વીંધવી તે ચંદ્રાવેધ્યક અર્થાત્ રાધાવેધ સાધવામાં રાધા નામની પૂતળીની ડાબી આંખની કીકી વીંધવામાં આવે છે તેને રાધાવેધ કહે છે. તે જેણે પૂર્વે સારી રીતે અભ્યાસ કરેલો હોય છે તે જ તેને વીંધી શકે છે, કારણ કે તેમાં અવળાસવળા ફરતા ચાર ચાર ચક્રના ઉપરના ભાગમાં રહેલી રાધા પુતળીની આંખની કીકી નીચે તેલની કઢામાં પડેલા તેના પ્રતિબિંબને જોઇને નીચી નજર રાખી ઉપર બાણ છોડીને વીંધવાની હોય છે. આ કાર્ય ઘણું મુશ્કેલ છે. આવો રાધાવેધ સાધીને રાજકન્યા પરણ્યાના ઘણાં દૃષ્ટાંતો જૈન ગ્રંથોમાં આવે છે.

આ પયન્નામાં સાત અધિકાર છે. ૧ વિનય, ૨ આચાર્યગુણ, ૩ શિષ્યગુણ, ૪ વિનયનિગ્રહગુણ, ૫ જ્ઞાનગુણ, ૬ ચરણગુણ ને ૭ મરણગુણ. આ સાત પ્રકરણમાંહેના છેલ્લા પ્રકરણમાં મરણ ગુણ સંબંધી ઘણો વિસ્તાર છે. મુનિ મરણસમયે રાધાવેધ સાધવાની જેમ આ આત્મકલ્યાણ સાધે છે, પણ તે જેણે પૂર્વે આત્મકલ્યાણ સાધવાનો સારી રીતે અભ્યાસ કરેલો હોય છે તે જ સાધી શકે છે. આ હકીકત ખાસ કરીને તેની ૧૨૮ થી ૧૩૦ ગાથામાં આપેલ છે.

આ પયન્નો ખાસ વાંચવા તેમજ કંઠે કરવા લાયક છે. તેની ગાથા ૧૭૫ માગધી ભાષામાં છે, જેની સંસ્કૃત છાયા મુનિરાજ શ્રી અમરવિજયજીના શિષ્ય મુનિ ચતુરવિજયજીએ કરેલી છે. પાટણ કેશરબાઇ જ્ઞાન મંદિરના વ્યવસ્થાપક શેઠ નગીનદાસ કરમચંદે છપાવેલ છે. કિંમત માત્ર ત્રણ આના છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જ્ઞાનનય અને ક્રિયાનયની વક્તવ્યતા

( લેખક:— મુનિશ્રી પુણ્યવિજયજી )

**જ્ઞાનનય**—આ નય કહે છે કે–સમ્યગ્દર્શનચારિત્રાદિ ગ્રાહ્ય છે, મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ વિગેરે અગ્રાહ્ય છે અને સ્વર્ગવિભૂતિ વિગેરે ઉપેક્ષા કરવા યોગ્ય છે. ઉપરોક્ત ગ્રાહ્ય, અગ્રાહ્ય અને ઉપેક્ષા કરવા યોગ્ય પદાર્થ જાણ્યા છતાં તેના પ્રાપ્તિ, પરિહાર અને ઉપેક્ષા કરવાની ઇચ્છાવાળાએ તેમાં પ્રવૃત્તિરૂપ યત્ન કરવો જોઇએ. એ પ્રમાણે સર્વ વ્યવહારનું કારણ જ્ઞાન છે. ઐહિક કે પારલૌકિક ફળના અર્થીએ સારી રીતે જાણેલા અર્થમાં જ પ્રવૃત્તિ કરવી જોઇએ; અન્યથા પ્રવૃત્તિ કરવામાં ફળનો વિસંવાદ જણાય છે. પાપથી નિવૃત્તિ, કુશળપક્ષમાં પ્રવૃત્તિ અને વિનયની પ્રાપ્તિ એ ત્રણે જ્ઞાન આપે છે, તથા દીક્ષા પ્રાપ્ત કરેલા, ઉત્કૃષ્ટ તપ અને ચારિત્રવાળા સાધુ છતાં પણ તેઓને જ્યાંસુધી સમસ્ત જીવાદિ વસ્તુસમૂહને સાક્ષાત્કાર કરાવનારું કેવળજ્ઞાન ઉત્પન્ન નથી થતું ત્યાંસુધી તેમને મોક્ષપ્રાપ્તિ નથી થતી. "જે જેના વિના ન બને તે તેનું કારણ છે" અર્થાત્ ક્રિયા જ્ઞાન વિના ન હોય તેથી ક્રિયા એ જ્ઞાનનું કારણ છે. જેમ બીજાદિ વિના અંકુર નથી થતાં તેથી તે તેનું કારણ છે તેવી રીતે સકલ પુરુષાર્થની સિદ્ધિ પણ જ્ઞાન વિના નથી થતી માટે તે તેનું મુખ્ય કારણ છે. આ નય ચાર પ્રકારના સામાયિકમાંથી સમ્યક્ત્વસામાયિક અને શ્રુતસામાયિક એ બેને જ માને છે; કેમકે તે બન્ને જ્ઞાનાત્મક હોવાથી તે જ મુખ્યત્વે કરીને મોક્ષના કારણ છે. દેશવિરતિ અને સર્વવિરતિ સામાયિક આ નય નથી માનતો કેમ કે તે જ્ઞાનનું કાર્ય હોવાથી ગૌણભૂત છે.

**ક્રિયાનય**—આ નય કહે છે કે–ગ્રાહ્ય, અગ્રાહ્યાદિ અર્થ જાણ્યા છતાં પુરુષાર્થની સિદ્ધિ ઇચ્છનારાએ પ્રવૃત્યાદિરૂપ ક્રિયા કરવી જોઇએ. મતલબ કે–પદાર્થ જાણ્યા છતાં પણ ક્રિયા જ સાધ્ય સાધક છે. જ્ઞાન તો ક્રિયાનું ઉપકરણ હોવાથી ગૌણ છે. કેવળજ્ઞાન ઉત્પન્ન થયા છતાં પણ ભગવંત અરિહંતને જ્યાં સુધી સર્વ કર્મરૂપ ઇન્ધનને બાળી નાંખવાને અગ્નિની જ્વાળાના સમૂહ સમાન શૈલેશી અવસ્થારૂપ ક્રિયા પ્રાપ્ત થતી નથી ત્યાં સુધી મુક્તિ પ્રાપ્ત નથી થતી. "જે જેની પછી તરત જ થનારું હોય તે તેનું કારણ છે." જેમ અન્ત્ય અવસ્થા પામેલ પૃથ્વી આદિ સામગ્રી પછી તરત જ થનાર અંકુર તેનું કારણ છે, તેમ સર્વ પુરુષાર્થ સિદ્ધિ પણ ક્રિયાની અનંતર જ થાય છે, માટે ક્રિયા જ સર્વ પુરુષાર્થ સિદ્ધિનું પ્રધાન કારણ છે. આ નય ચાર પ્રકારના સામાયિકમાંથી દેશવિરતિ

---

આ પયન્નાની હકીકત આઉરપચ્ચક્ખાણ પયન્નાની ગાથા ૫૪મીમાં સંથારા-પયન્નાની ગાથા ૧૨૨મીમાં તેમજ શ્રી પાક્ષિક સૂત્રની ટીકામાં આવે છે. આ પયન્નો ખાસ વાંચવા યા વિચારવા લાયક જણાયાથી તેવી પ્રેરણા કરવા માટે આ લેખ લખ્યો છે. આવા નાના પયન્નાઓ પણ ઘણા અર્થથી ભરેલા હોય છે.

આ પયન્નો મરણારાધનાનો પ્રતિપાદક છે. મરણના સમયે જે આરાધના કરવાની આવશ્યકતા છે તે એમાં સારી રીતે બતાવેલ છે. કુંવરજી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને સર્વવિરતિને જ માને છે; કેમકે ક્રિયારૂપે તે મુક્તિનું પ્રધાન કારણ છે. સમ્યક્ત્વ અને શ્રુત સામાયિક તો તેના ઉપકારી માત્ર હોવાથી ગૌણભૂત હોવાને લીધે નથી માનતો.

**શિષ્ય**—ભગવન્ ! આ બન્ને પક્ષમાં યુક્તિ જણાય છે, તો પછી એમાંથી સત્ય તત્ત્વ કયું ?

**ગુરુ**—સ્વતંત્ર સામાન્ય-વિશેષવાદી બધાએ નયોની પરસ્પર વિરુદ્ધ વક્તવ્યતા સાંભળીને સર્વ નયોને સંમત જે તત્ત્વરૂપે ગ્રાહ્ય હોય તે મુક્તિનું સાધન છે. અર્થાત્ ચારિત્રરૂપ ક્રિયા અને જ્ઞાનાદિ ગુણ એ ઉભય( જ્ઞાન-ક્રિયા )વડે જે સાધ્ય હોય તે મોક્ષસાધક છે, પણ એમાંથી એકલો કોઈ પક્ષ મોક્ષસાધક નથી. જ્ઞાનનયવાદી જે કહે છે કે-" જે જેના વિના ન થાય તે તેનું કારણ છે " આમાં તદવિનાભાવિત્વરૂપ હેતુ અસિદ્ધ છે, કેમકે જ્ઞાન માત્રથી જ પુરુષાર્થ સિદ્ધિ નથી એવું ક્યાંઇ પણ જણાતું નથી. જોકે દાહ-પાક આદિ કરવાના અર્થીને દહનાદિના જ્ઞાન માત્રથી જ દાહાદિક કાર્યસિદ્ધિ થતી નથી, પરન્તુ અગ્નિ લાવવો, તેને ફુંકવો, સળગાવવો વિગેરે ક્રિયા પણ કરવામાં આવે તો જ તે દાહાદિ કાર્યની સિદ્ધિ થાય છે. શ્રી તીર્થંકર ભગવંતો પણ માત્ર કેવળજ્ઞાનથી જ મોક્ષ સાધે છે એમ નહિ, સાથે યથાખ્યાત ચારિત્રરૂપ ક્રિયા પણ હોય છે; માટે સર્વત્ર પુરુષાર્થસિદ્ધિનું કારણ જ્ઞાન સિદ્ધ થાય છે, તેમ ક્રિયા પણ તેનું કારણ સિદ્ધ થાય છે. કેમકે તેના વિના પુરુષાર્થ સિદ્ધિ થતી નથી માટે એ હેતુ અનેકાન્તિક છે.

એ જ પ્રમાણે ક્રિયાનયવાદીએ જે જેના પછી થનારું હોય તે તેનું કારણ છે ઈત્યાદિ પ્રયોગમાં " જે જેના પછી થનાર " રૂપ હેતુ કહેલ છે તે પણ અસિદ્ધ અને અનેકાન્તિક છે. કારણ સ્ત્રી-ભક્ષ્ય-ભોગ આદિના ક્રિયાકાળમાં પણ જ્ઞાન હોય છે. તેના જ્ઞાન સિવાય તેમાં પ્રવૃત્તિ જ થઇ શકે નહિ, એ જ પ્રમાણે શૈલેશી અવસ્થામાં સર્વ સંવરરૂપ ક્રિયા કાળે પણ કેવલજ્ઞાન હોય છે તેના સિવાય તેની પ્રાપ્તિ નથી હોતી, માટે એ હેતુ અસિદ્ધ છે. વળી જેમ ઉપરોક્ત હેતુ મુક્તિ આદિ પુરુષાર્થના કારણરૂપે ક્રિયાને સિદ્ધ કરે છે તેવી રીતે જ્ઞાનને પણ કારણરૂપે સિદ્ધ કરે છે; કારણ કે તેના વિના પુરુષાર્થની સિદ્ધિ ક્યાંઇ થતી નથી માટે એ હેતુ અનેકાન્તિક છે. વસ્તુતઃ જ્ઞાન ક્રિયા ઉભયથી જ મુક્તિ સાધ્ય છે, પણ ભિન્નભિન્ન એકએકથી સાધ્ય નથી. " ક્રિયા બિના જ્ઞાન નાહિ કબહુ, ક્રિયા જ્ઞાન બિનુ નાહિ; ક્રિયા જ્ઞાન દોઉ મિલત રહેતુ હે, જ્યું જલરસ જલમાંહિ. "

**શિષ્ય**—ભગવન્ ! જ્ઞાન-ક્રિયા પ્રત્યેકમાં મુક્તિ પ્રાપ્ત કરાવવાની શક્તિ નથી તો તેના સમુદાયમાં ક્યાંથી હોય ? જેમ રેતીના પ્રત્યેક કણમાં તેલ નથી હોતું તો તેના સમુદાયમાં પણ નથી હોતું. તેવી રીતે અહીં પણ પ્રત્યેક જ્ઞાન ને ક્રિયામાં પણ મુક્તિપ્રાપક શક્તિ જો નથી તો બન્નેના સમુદાયમાં પણ ન હોવી જોઇએ.

**ગુરુ**—જો સર્વથા પ્રકારે એ પ્રત્યેકની મુક્તિમાં અનુપકારિતા કહેવામાં આવે તો તુ કહે છે તેમ થાય, પરન્તુ તેમ નથી. અહીં પ્રત્યેકની મુક્તિમાં દેશોપકારિતા છે, અને સમુદાય થતાં સંપૂર્ણ ઉપકારિતા થાય છે માટે સમુદિત જ્ઞાનક્રિયા જ મુક્તિનું કારણ છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# प्रश्नोत्तर

( પ્રશ્નકાર-માસ્તર હિંમતલાલ લાલચંદ-પેથાપુર )

**પ્રશ્ન ૧**—પાક્ષિક પ્રતિક્રમણમાં ચૈત્યવંદન કરીને ચાર સ્તુતિએ દેવવંદન કરતાં સ્નાતસ્યાની ચાર સ્તુતિ કહેવામાં આવે છે તે પાછળથી કહી શકાય કે નહીં?

**ઉત્તર**—કોઇ પ્રતિક્રમણ કરનાર મોડો આવે ને પ્રતિક્રમણ શરૂ થઈ ગયેલ હોય તો તે અજિતશાંતિસ્તવ વખતે દેવવંદન કરી શકે અને તેમાં તે સ્તુતિ કહે; પણ દેવ તો જરૂર વાંદવા જોઇએ.

**પ્રશ્ન ૨**—દેવસિક પ્રતિક્રમણમાં ચાર સ્તુતિ પૂર્વક દેવ વાંદ્યાં પછી 'ઇચ્છાકારી સમસ્ત શ્રાવક વાંદુ' એમ કેટલાક શ્રાવકો કહે છે તે બરાબર છે?

**ઉત્તર**—પ્રતિક્રમણ હેતુ ગ્રંથમાં એમ કહેવાનું કહેલ છે તેથી એમાં વિરોધ નથી. એમાં શ્રાવક ભાઇઓનું બહુમાન સમાયેલું છે.

**પ્રશ્ન ૩**—દુર્ભવ્ય એટલે ઘણા કાળ પછી સિદ્ધ થવાનો એવો અર્થ કેટલાક કરે છે તે બરાબર છે?

**ઉત્તર**—બરાબર છે. એનો અર્થ એ જ છે. એ ભવ્ય જીવનો જ ભેદ છે.

**પ્રશ્ન ૪**—દેવદ્રવ્યવડે વેચવા લાવેલ કેસર શ્રાવક પોતાના ઉપયોગ માટે વેચાતું લાવીને વાપરે તો એમાં બાધક છે?

**ઉત્તર**—એમાં બાધક નથી. એ તો એક જાતનો વ્યાપાર છે.

**પ્રશ્ન ૫**—પોસહમાં ત્રણ કાળના દેવવંદનમાં છૂટા સામાયિક કરનાર આદેશ માગી શકે? **ઉત્તર**—સ્તવન કે સ્તુતિનો આદેશ માગી શકે; વિધિનો નહીં.

**પ્રશ્ન ૬**—દેવસી પ્રતિક્રમણમાં શ્રાવિકાઓ 'ધમ્મો મહિમાનીલો' એ સજ્ઝાય બોલે છે તે બરાબર છે?

**ઉત્તર**—એ સજ્ઝાય જ અમારા જાણવામાં નથી. તે શેમાં છપાયેલ છે તે લખો, બોલવામાં વાંધો છે કે નહીં તે પછી કહી શકાય.

**પ્રશ્ન ૭**—પોસહમાં ચતુર્દશીને દિવસે શ્રાવિકાઓ ચાર વખત દેવ વાંદે છે તે બરાબર છે?

**ઉત્તર**—ચોથી વખત કયારે વાંદે છે? અહીં તો કોઇ ચોથી વખત વાંદતું નથી. ચોમાસીમાં મોટા દેવ ગણતા હોય તો વાંધો નથી.

**પ્રશ્ન ૮**—સ્વપ્નનું ઘી સાધારણ ખાતામાં લઇ જઇ શકાય?

**ઉત્તર**—આ બાબત જે તેમ કરતા હોય તેને પૂછો. અહીં તો દેવદ્રવ્યમાં જ લઇ જવાની પ્રવૃત્તિ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્રશ્ન ૯**—લઘુશાંતિ બોલતાં છેલ્લી ગાથા કાઉસગ્ગવાળા પણ સાથે બોલે છે તે બોલી શકાય?

**ઉત્તર**—ન બોલી શકાય. બોલતા હોય તો નિવારણ કરવું.

**પ્રશ્ન ૧૦**—ત્રેશઠ શલાકા પુરુષોની માતા ૬૨ ને પિતા ૫૧ કહ્યા છે તે કેવી રીતે સમજવા?

**ઉત્તર**—નવ બળદેવ ને નવ વાસુદેવના પિતા એક જ હોવાથી નવ તે ઘટે અને ત્રણ ચક્રવર્તી તીર્થંકર થયેલા હોવાથી ત્રણ પિતા તે ઘટે એટલે ૫૧ પિતા થાય. અને ચક્રવર્ત્તીની ત્રણ માતા ઘટવાથી ૬૦ માતા થાય એમ સમજવું. જીવ ત્રણ ચક્રવર્તી ને પ્રથમ વાસુદેવના જુદા ન હોવાથી ૫૯ થાય છે. વીર પ્રભુની માતા બે ગણે તો ૬૧ થાય, ૬૨ કોઇ રીતે થતી નથી.

**પ્રશ્ન ૧૧**—ગુરુમંદિર જુદું બાંધેલ હોય તો તેમાં ઘંટ રાખી શકાય?

**ઉત્તર**—એમાં બાધક જણાતો નથી. તેમ જરૂર પણ નથી.

**પ્રશ્ન ૧૨**—વજ્રઋષભનારાચ સંઘયણ ને સમચતુરસ્ર સંસ્થાન જેને હોય તે બધા તદ્ભવ મોક્ષે જાય?

**ઉત્તર**—છએ સંસ્થાનવાળા મોક્ષે જાય છે. સમચતુરસ્ર સંસ્થાનવાળા તો સર્વે દેવો અને યુગલિકો હોય છે તેથી સંસ્થાન માટે નિયમ નથી. વજ્રઋષભનારાચ સંઘયણ તદ્ભવ મોક્ષગામીને હોવું જોઇએ, તે વિના મોક્ષે ન જાય. બાકી વજ્રઋષભનારાચ સંઘયણવાળા બધા મોક્ષે જવાનો નિરધાર નથી. ચારે ગતિમાં જાય છે.

**પ્રશ્ન ૧૩**—નમિઊણની ૧૬ મી ગાથામાં કબંધે શબ્દ છે તે બરાબર છે કે કમંધે શબ્દ બરાબર છે? **ઉત્તર**—કબંધે શબ્દ બરાબર છે.

**પ્રશ્ન ૧૪**—કુસુમિણ દુસુમિણના કાઉસગ્ગમાં લોગસ્સ ક્યાં સુધી ગણવાં?

**ઉત્તર**—ચંદેસુ નિમ્મલયરા સુધી ગણવા. જેને સ્ત્રીસેવનનું સ્વપ્ન આવ્યું હોય તેણે સાગરવરગંભીરા સુધી ગણવા.

**પ્રશ્ન ૧૫**—મન્હજિણાણંની સજ્ઝાય ઊભા ઊભા કહેવાય?

**ઉત્તર**—ન કહેવાય. ઉભડક બેસીને જ કહેવાય.

**પ્રશ્ન ૧૬**—આનંદઘનજીકૃત એક પદમાં આઠ પહોરની ચોસઠ ઘડીયાં કહી છે તે શી રીતે થઈ શકે?

**ઉત્તર**—એ સામાન્ય વચન છે. બાકી ૬૦ ઘડી સમજવી. એક ચોઘડીઆની ચાર ઘડી કહેવાય છે પણ વાસ્તવિક ૩॥ ગણવાની છે એમ સમજવું.

**પ્રશ્ન ૧૭**—પાક્ષિકાદિ પ્રતિક્રમણમાં વંદિત્તુ પોસહવાળા જ બોલી શકે છે, બીજાનું કલ્પતું નથી તો અતિચાર બીજાના કહેલા કલ્પે?

**ઉત્તર**—વંદિત્તુ એ આવશ્યકનું વિશિષ્ટ સૂત્ર છે અને અતિચાર તે પંક્તિના નથી તેથી તે કલ્પે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્રશ્ન** ૧૮—સાધુની ગેરહાજરીમાં પોસાતીને રાઇ મુહપત્તિની વિધિ કરવાની હોય ? **ઉત્તર**—ન હોય. ગુરુ હોય તો જ હોય.

**પ્રશ્ન** ૧૯—નવપદજીનું મંડળ પૂરે છે તેમાં અરિહંતાદિકની મૂર્ત્તિ કરવી યોગ્ય છે ?

**ઉત્તર**—એને તરતમાં જ વિસર્જન કરવાનું હોવાથી મૂર્ત્તિ કરવી તે ઘટિત નથી. અક્ષર જ કરવા ઠીક છે.

**પ્રશ્ન** ૨૦-લઘુસંગ્રહણીના કર્ત્તા હરિભદ્રસૂરિ અકબર બાદશાહના પ્રતિબોધક છે ?

**ઉત્તર**—અકબર બાદશાહના પ્રતિબોધક તો હીરવિજયસૂરિ છે,હરિભદ્રસૂરિ નહીં.

**પ્રશ્ન** ૨૧—દેવચંદ્રજી એક ભવ પછી મોક્ષે જવાના છે એમ કેટલાક કહે છે તે બરાબર છે ?

**ઉત્તર**—એ હકીકત વાંચવામાં આવી નથી તેથી જે કહેતા હોય તેને તેનું સ્થળ પૂછવું.

**પ્રશ્ન** ૨૨—ચૌદ સ્વપ્ન ઉતારવાની પ્રવૃત્તિ ક્યારથી શરૂ થઇ છે? ને કોનાથી થઇ છે?

**ઉત્તર**—તેનું મૂળ જાણવામાં નથી.

**પ્રશ્ન** ૨૩—આર્દ્રકત્રિક સિવાય બીજું કંદમૂળ સૂકવે તો તે સૂકાયા પછી વાપરી શકાય ?

**ઉત્તર**—વાપરી ન શકાય. ત્રણ વસ્તુ જ સૂકી વપરાય તેને માટે જ આર્દ્ર શબ્દ તેમાં વાપરેલ છે.

**પ્રશ્ન** ૨૪—સ્નાતસ્યાની સ્તુતિ પાક્ષિકાદિ પ્રતિક્રમણમાં બોલાય છે તે બીજા પ્રતિક્રમણમાં બોલાય ?

**ઉત્તર**—પાક્ષિકાદિ ત્રણ પ્રતિક્રમણમાં જ બોલાય, તે સિવાય બીજા પ્રતિક્રમણમાં ન બોલાય. દેરાસરે ચૈત્યવંદનમાં કે બીજા દેવવંદનાદિમાં બોલાય.

(૨)

**( પ્રશ્નકાર—શા વાડીલાલ રામજી-તોરણવદર )**

**પ્રશ્ન** ૧—ગૌતમસ્વામીએ કેટલાને દીક્ષા દીધી ને કેટલા મોક્ષે ગયા ?

**ઉત્તર**—ગૌતમસ્વામીએ જેટલાને દીક્ષા દીધી તે બધા કેવળજ્ઞાન પામીને મોક્ષે ગયા. સંખ્યા વાંચવામાં આવી નથી.

**પ્રશ્ન** ૨—વિચરતા—કેવળજ્ઞાન પામેલા તીર્થંકરોની દ્રવ્યપૂજા જળ ચંદનાદિવડે થાય ? ન થાય તો દર્દુરાંક દેવે કેમ કરી ?

**ઉત્તર**—જળચંદનાદિવડે અંગપૂજા કેવળજ્ઞાનીની ન થાય. દર્દુરાંક દેવે તો શ્રેણિક રાજાને સમજાવવા માટે જ કૃત્રિમતા બતાવી હતી. જો દ્રવ્યપૂજા થતી હોત તો શ્રેણિકાદિ સર્વ કરત.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્રશ્ન** ૩—એક થોઇમાં સીમંધરસ્વામીની કેશર ચંદનના કચોળા ભરીને પ્રભાતમાં પૂજા કરવાનું કહ્યું છે તે બરાબર છે?

**ઉત્તર**—બરાબર નથી. એ સ્તુતિ બનાવનાર કોઈ અલ્પજ્ઞ છે. તેમાં કહેલી બધી હકીકત ધડા વિનાની છે એટલે માન્ય નથી.

**પ્રશ્ન** ૪—છ અઠ્ઠાઇમાં શાશ્વતી કેટલી છે?

**ઉત્તર**—ચૈત્ર ને આસોની બે અઠ્ઠાઈ શાશ્વતી છે.

**પ્રશ્ન** ૫—જે જે મુનિને કે સાધ્વીને કેવળજ્ઞાન થાય તે સર્વનો જ્ઞાન-મહોત્સવ દેવતાઓ કરે છે?

**ઉત્તર**—સર્વનો જ્ઞાનમહોત્સવ થતો નથી. જેની ભક્તિવાળા દેવો નજીકમાં હોય તે કરે છે. ઘણાનો થતો નથી.

**પ્રશ્ન** ૬—કરેમિ ભંતે સામાયિકના પ્રત્યાખ્યાનરૂપ છે, તે પ્રતિક્રમણમાં બે ત્રણ વાર કેમ કહેવાય છે?

**ઉત્તર**—'હું સામાયિકમાં છું' તેના સ્મરણ માટે વારંવાર કહેવાય છે, તેમાં પુનરુક્તિ દોષ નથી. બીજાં પણ ઘણા સૂત્રો એમ કહેવાય છે.

**પ્રશ્ન** ૭—પાપકાર્યમાં કે પુણ્યકાર્યમાં કરણ કરાવણ ને અનુમોદનનું સરખું ફળ થાય છે?

**ઉત્તર**—સરખું ફળ થવાની વાત અસાધારણ પ્રસંગની છે, એટલે કવચિત એમ પણ થાય છે. બાકી એવી રીતે બધે સરખું ફળ થતું નથી. મૃગ, બળદેવ ને રથકારક જેવું બીજું દષ્ટાંત પણ પ્રસિદ્ધિમાં નથી.

**પ્રશ્ન** ૮—'સરોવર જળના મેડકોજી રે, તાકે આપણો ભક્ષ' એનો અર્થ શું?

**ઉત્તર**—એ શેની ગાથા છે? તે આખી ગાથા લખો એટલે તેનો અર્થ બરાબર લખી શકાય. એ બે પદનો અર્થ તો 'સરોવરના જળમાં રહેલા દેડકા વિગેરે પોતાના ભક્ષ માટે તાકી રહેતા હોય છે' એવો થાય છે.

**પ્રશ્ન** ૯—પાંચમે આરે બાર યોજનનો શત્રુંજય હોય એમ કહેલ છે તે શી રીતે સમજવું? એ યોજન કેવા સમજવા?

**ઉત્તર**—એ યોજન ચાર ગાઉના ઉત્સેધ અંગુલના સમજવા. એટલું પ્રમાણ પાંચમા આરાના પ્રારંભમાં સમજવું.

**પ્રશ્ન** ૧૦—તીર્થંકરના અતિશયથી સવાસો યોજનમાં મારી મરકી વૈરભય વિગેરે નાશ પામે છે એમ કહ્યું છે, છતાં કાળ સૌકરિક દરરોજ પાંચસો પાડા મારતો હતો તે કેમ બન્યું હશે?

**ઉત્તર**—એ સામાન્ય વચન છે. તેથી તમામ હિંસા જ બંધ થાય એમ સમજવું નહીં. ઘણે ભાગે એવા ઉપદ્રવો ન થાય એમ સમજવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સુવર્ણ

૧. પ્રભાવશાલી વ્યક્તિત્વ, અસરકારક સ્વર અને મહાન્ સત્ત્વ ભાગ્યવાનને જ પ્રાપ્ત થાય છે.
૨. રૂપમાં ગુણ ભળે તો સોનામાં સુગંધ ચરિતાર્થ થાય.
૩. આનંદી સ્વભાવ ચેપી છે. આનંદી માણસ જ્યાં જાય ત્યાં આનંદનું વાતાવરણ ફેલાવે છે.
૪. હસો અને જીવનશક્તિ વધારો. હસવાથી જીવનશક્તિ વધે છે.
૫. રોગ મટાડવા પૂર્વે તેના કારણોને દૂર કરો.
૬. અનારોગ્યના વિચાર અનારોગ્યને ખેંચી લાવે છે.
૭. સમય વિના કહેલી સાચી કે સારી વાત પણ મારી જાય છે.
૮. વિચારોમાં વિદ્યુત્ શક્તિ રહેલી છે. ૯. અન્ન તેવું મન, મન તેવું તન.
૧૦. ગંદવાડ ત્યાં મંદવાડ અને મંદવાડમાં ચિત્તની વિહ્વળતા થાય છે.
૧૧. સારી રીતભાત એ ઉન્નતિનું એક જરૂરી પગથિયું છે.
૧૨. સ્વચ્છતા માંદગી જેટલી ખર્ચાળ નથી.
૧૩. સમજ્યા ત્યાંથી ફરી ગણો. ૧૪. શબ્દના ઘા જલ્દી રૂઝાતા નથી.
૧૫. મીઠી ભાષા બધે માર્ગ કરે છે. ૧૬. વિનય સમ અન્ય વશીકરણ નથી.
૧૭. કામ કર્યું તેણે કામણ કર્યું એ તદ્દન સત્ય છે.
૧૮. 'હા' કહેવી સહેલી છે, 'ના' કહેવામાં ઘણા બળની જરૂર પડે છે.
૧૯. શક્તિવંતની ક્ષમા દીપે છે. ૨૦. નવરું મન પોતાને જ ખાઇ જાય છે.
૨૧. એક ભૂલની કબૂલાત ભૂલોની પરંપરાને અટકાવે છે.
૨૨. સત્યવક્તાને જવાબ શોધવાની જરૂર પડતી નથી.
૨૩. જેની તેની સાથે મૈત્રી ન બાંધો. ૨૪. મિત્રતા જળ-મીનવત્ અભિન્ન હોવી જોઇએ.
૨૫. ઉત્તમ પત્ની સંસારને અજવાળે છે. ૨૬. સાચો સ્નેહી સમય પર ઉપયોગી થઇ પડે છે.
૨૭. સંસારમાં સર્વ પ્રકારનું સુખ દુષ્પ્રાપ્ય છે. **રાજપાલ મગનલાલ વ્હોરા**

---

**પ્રશ્ન ૧૧**—સવાર સાંજના પ્રતિક્રમણમાં છ આવશ્યક પૂર્ણ થયા પછીની ક્રિયા શામાટે વધારી ને કોણે વધારી?

**ઉત્તર**—એ ક્રિયા બહુ જરૂરની હોવાથી પૂર્વ મહાપુરુષોએ વધારી છે તેથી તે નિઃશંકપણે કરવા યોગ્ય છે. આચાર્યને એમ વધારવાની સત્તા છે. વળી બે ઘડીનો કાળ પૂરો કરવાનું પણ એક કારણ છે તે ધ્યાનમાં રાખવું.

કુંવરજી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી આનંદઘનજીનું
# દિવ્ય જિનમાર્ગદર્શન
## ( ૨ )

પથિક પોતાને આવાસે આવ્યો. ત્યાં પણ તેના મનમાં અવધૂત યોગિરાજનાં વચનામૃતોનું મનન ચાલી રહ્યું હતું. તે આજનો દિવસ ધન્ય ધન્ય માનતો હતો. આવા અદ્ભુત મહાત્મા મુનીશ્વરનો આકસ્મિક સમાગમ થયો તે પોતાનો પુણ્યોદય સમજતો હતો તેમજ ચિંતવતો હતો કે—મેં મારી આટલી જીવનયાત્રામાં અનેક શાસ્ત્રવિશારદોનો સમાગમ કર્યો હશે, અનેક ન્યાયપારંગત પંડિતોનો પરિચય સાધ્યો હશે, અનેક સાધુ-સંતોનો સંસર્ગ સેવ્યો હશે, પણ મને ક્યાંય આ અવધૂતના જેવી ચોખ્ખી, સ્પષ્ટ, નિર્મલ વાત સાંભળવામાં નહોતી આવી. આજે મને અપૂર્વ શાંતિ ઉપજી છે. અહો ! યોગિરાજની કેવી અદ્ભુત આત્મસમાધિ ! કેવી તેમની સુપ્રસન્ન આનંદમય મૂર્તિ ! અહો ! એમનું મૌન પણ પરમ ઉપદેશ દેતું હતું ! શી એમની મધુર વચનામૃતધારા ! મૌનીંદ્ર પ્રવચનનું એમનું રહસ્યજ્ઞાન કેવું અગાધ ! એમનો આશય કેટલો ગંભીર ! એમનો બોધ કેવો વિશદ ! કેવો નિર્મલ ! એમનું હૃદય કેવું આર્દ્ર ! કેવું વાત્સલ્યવંત ! હું ખરેખરો ધન્ય કે મને આવા પરમ સંતનું સાક્ષાત્ દર્શન થયું. ક્યારે સવાર પડે ને પુનઃ હું એ મહાત્માનાં દર્શન કરી પાવન થઉં તેમજ તેમના શ્રીમુખે મારી શંકાઓનું સમાધાન પામી માર્ગરહસ્ય જાણું ઇત્યાદિ ચિંતવતો ચિંતવતો તે થાકીપાકીને શયન કરી ગયો.

રાત્રિના પ્રાંતભાગમાં તેને એક સુંદર સ્વપ્ન આવ્યું. જાણે કોઇ ભવ્ય મૂર્તિ–દિવ્ય પુરુષનાં તેને દર્શન થયાં, ને તેને ઉદ્દેશીને તે જાણે પોકારી રહ્યા હતા: “ઓ ભવ્ય પથિક ! જાગ, જાગ ! આ વિષમ ભવમાર્ગમાં આમ ને આમ તારે ક્યાંસુધી ભ્રમણ કર્યા કરવું છે ? હે મુસાફર ! આવી ને આવી અનંત રખડપટ્ટી કર્યા છતાં તું શું હજુ થાક્યો નથી ? હવે તો વિરામ પામ ! અલ્યા ! તું તને પોતાને જ ભૂલી ગયો ! આનાથી મોટું અંધેર કયું ? ઓ ભાનભૂલા વટેમાર્ગુ ! તારી આ ઘોર નિદ્રામાંથી ઊઠ, ઊઠ ! જાગ્રત થા ! જાગ્રત થા ! ‘દૃષ્ટિ’ ઉઘાડ ! ને નિજ સ્વરૂપનું ભાન પામવા આ આનંદઘનસ્વરૂપ ભગવાન જિનનું દર્શન કર ! દર્શન કર ! આ અનુપમ ગુણધામ આનંદમૂર્તિ પરમાત્માને પ્રેમથી આરાધ, આરાધ ! ચિત્તપ્રસન્નતાથી એની અખંડિત પૂજા કરી પૂજનફલની પ્રાપ્તિ કર ! કપટ રહિત થઇ આ પરમ પ્રભુનાં ચરણકમલમાં સર્વાત્માથી આત્માર્પણ કરી દે ! ને આનંદઘનપદની પ્રાપ્તિ કર !” એવું કહેતાં જ તે દિવ્ય પુરુષ અંતર્ધાન થઇ ગયા.

ત્યાં તો પક્ષીઓના કલરવથી તેની સ્વપ્નસૃષ્ટિમાં ભંગ પડ્યો ને તે જાગી ઊઠ્યો. તેના તન ને મન પ્રફુલ્લ હતાં. આનંદપ્રદ સ્વપ્નની ખુમારી હજુ તેને ઊતરી નહોતી. તેની સ્મૃતિ તેને વારંવાર થયા કરતી હતી.

પછી આવશ્યક પ્રાતઃવિધિ ઝટપટ આટોપી લઇ તેણે પૂર્ણ ઉત્સાહથી ગિરિરાજ ભણી પગલાં માંડ્યાં, ત્યારે ગગનમાં દિનમણિનો ઉદય થઈ ચૂક્યો હતો. બાલરવિના સોનેરી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કિરણો પર્વત પર પડતાં તે જાણે સુવર્ણમય હોય એવો દૂરથી ભાસ આપતો હતો. તેની નિકટમાં એક બાજુ નાની સરિતા વહી જતી હતી. તળેટીમાં એક સુંદર મંદિર હતું ને આજુબાજુ સહકાર આદિ વૃક્ષોની ઘટા આવી હતી. પર્વતનો કટિપ્રદેશ વિપુલ વનરાજીથી વિરાજી રહ્યો હતો ને તેના શિખર પર દૂર દૂરથી દેવાલયનાં દર્શન થતાં હતાં.

તીવ્ર જિજ્ઞાસાથી પ્રેરિત થતો તે ભવ્ય જિજ્ઞાસુ પથિક યોગિરાજના દર્શનાર્થે ઉત્કંઠિત ત્વરાથી ચાલતો ચાલતો તળેટીએ આવી પહોંચ્યો, ને દર્શનનો ભાવ ઉપજતાં મંદિરમાં પેઠો. ત્યાં તેને અદ્ભુત દિવ્ય જિનમુદ્રાનાં દર્શન થયાં. તે મૂર્તિ જાણે ' અમિય ભરી રચી ' હોયની ! સકલ ઉપમાનથી વિલક્ષણ હોઇ, તેને કોઇ ઉપમા ઘટતી નહોતી. તે શાંતસુધારસ ઝીલી રહી હતી ને તેને નિરખતાં કેમે કરીને તૃપ્તિ ઉપજતી નહોતી.

**" અમિય ભરી મૂરતિ રચી રે, ઉપમા ન ઘટે કોય;**
**શાંતસુધારસ ઝીલતી રે, નિરખત તૃપતિ ન હોય.**
**વિમલ જિન ! દીઠા લોયણ આજ. "—આનંદઘનજી**

તે જિનની પ્રતિકૃતિનાં દર્શન થતાં, તેના મુખમાંથી સહજ ઉદ્ગાર નીકળી પડ્યા કે—" અહો ! આની દૃષ્ટિ કેવા *પ્રશમરસમાં નિમગ્ન થયેલી છે ! આનું મુખકમલ કેવું પ્રસન્ન, શાંત, સૌમ્ય છે. નથી દેખાતી આના ખોળામાં કામિની કે નથી આના હાથમાં હથિયાર ! અહો ! સમભાવભરી એની દૃષ્ટિ જાણે સમપરિણામે જગતને દેખી રહી છે ! એની પ્રસન્ન મુખમુદ્રા પરમ ચિતપ્રસન્નતા વ્યક્ત કરી રહી છે ! એની અસંગતા જાણે સર્વ પરભાવની પરિવર્જના પ્રકાશી રહી છે. એના ખુલ્લા ખાલી હાથ જાણે એમ સૂચવી રહ્યા છે કે અમને હવે આ ચિત્રવિચિત્ર જગત સાથે કાંઇ લેવાદેવા નથી. અમે અમારું કામ કરી લીધું છે, હવે અમારે કંઇ પણ કરવાપણું રહ્યું નથી. અહો ! આવી અદ્ભુત નિર્વિકાર મુદ્રા મેં પૂર્વે કદી પણ દીઠી નહોતી. ખરેખર ! જગતમાં કોઈ વીતરાગ દેવ હોય તો તે આવા જ ઘટે. હું ધન્ય છું, ધન્ય છું કે આવી દિવ્ય મૂર્તિનાં મને દર્શન થયાં. " એમ બોલતાં તેના રોમાંચ ઉલ્લસિત થયા, ને તેનો અંતરાનંદ તનમાં નહિં સમાતાં આનંદાશ્રુધારારૂપે છલકાવા લાગ્યો.

એમ તે પથિક ભાવિતાત્મા થઇને વંદન કરી બહાર નીકળ્યો. પછી ક્રમે કરીને ઉન્નત ગિરિ પર ચઢતાં ચઢતાં ઉન્નત ભાવપર આરૂઢ થવા લાગ્યો. આગલે દિવસે યોગિરાજ પાસેથી શ્રવણ કરેલી અશ્રુતપૂર્વ રહસ્યવાર્તા તેના હૃદયમાં રમી રહી હતી, તેના મનમાં તેનું મનન-ચર્વણ ચાલ્યા કરતું હતું. તેથી ક્ષણે ક્ષણે તેના ભાવમાં વૃદ્ધિ થયા કરતી હતી,

---

*"प्रशमरसनिमग्नं दृष्टियुग्मं प्रसन्नं, वदनकमलमङ्कः कामिनीसङ्गशून्यः ।
करयुगमपि यत्ते शस्त्रसंबंधवन्ध्यं, तदसि जगति देवो वीतरागस्त्वमेव ॥"–**મહાકવિ ધનપાલ**

"ઉપશમ રસ ભરી, સર્વ જન શંકરી, મૂર્તિ જિનરાજની આજ પેખી;
કારણે કાર્યનિષ્પત્તિ શ્રદ્ધાન છે, તિણે ભવભ્રમણની ભીડ મેટી."—**શ્રી દેવચંદ્રજી**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ને તેમાં વળી તેણે દીઠેલા દિવ્ય સ્વપ્ને તથા અદ્ભુત જિનમુદ્રાના દર્શને તો ઓર વધારો કર્યો હતો. તેને શ્રી જિનેશ્વર ભગવાન પ્રત્યે પરમ પ્રેમ સ્ફૂર્યો હતો, ને તેની શુદ્ધ ચૈતન્ય વૃત્તિએ તે પરમાત્માને 'પ્રિયતમ' તરિકે માન્ય કર્યા હતા. જેમ દમયંતી હંસદ્વારા નળ-રાજાના ઉત્તમ ગુણનું પરોક્ષ વર્ણન સાંભળી મુગ્ધ થઇ તેને મનથી વરી ચૂકી હતી, તેમ તે ભવ્ય પથિકની ચેતના પણ પરોક્ષ રીતે પ્રભુના અનુપમ ગુણનું શ્રવણ કરી તેને અંતરાત્માથી વરી ચૂકી હતી. એટલે જગતના કોઇ પણ અન્ય પદાર્થ કરતાં અનેકગણો પ્રેમ તેને તે પરમાત્મારૂપ પતિ પ્રતિ પ્રગટી ચૂક્યો હતો. કારણ કે—

"ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે, ઓર ન ચાહું રે કંત;
રીઝયો સાહિબ સંગ ન પરિહરે રે, ભાંગે સાદિ અનંત." —આનંદઘનજી

હવે તેની ચેતના તે પરમાત્માના સાક્ષાત્ દર્શનને, સાક્ષાત્કારને, સાક્ષાત્ મિલનને ઝંખી રહી હતી. જિનનું દર્શન કેમ થાય ? કયે માર્ગે જતાં ભગવાનનું દર્શન પ્રાપ્ત થાય ? તે માર્ગ કેવો હશે ? તે આનંદઘન ભગવાનનું સાક્ષાત્ સ્વરૂપ કેવું હશે ? તે મન-મોહન મૂર્તિનું પ્રત્યક્ષ રૂપ દેખવાને હું ક્યારે ભાગ્યશાળી થઇશ ? ઇત્યાદિ જાણવાની તીવ્ર જિજ્ઞાસા, ઉત્કંઠા, તમન્ના તેને ઉત્પન્ન થઇ હતી. આ બધા પ્રશ્નોનું મને યોગિરાજ પાસેથી સાંગોપાંગ સમાધાન સાંપડશે, એવી દૃઢ પ્રતીતિ તેના અંતરાત્મામાં વસી હતી. એવી વિચાર-ભાવપરંપરામાં નિમગ્ન થતો થતો તે ગિરિશૃંગે આવી પહોંચ્યો.

## દૃશ્ય બીજું—

ત્યાં તો દેવાલયની દિશામાંથી દૂરથી સુમધુર સ્વર તેના કર્ણપટમાં અથડાયો—

"ચિત્ત પ્રસન્ને રે પૂજન ફલ કહ્યું રે, પૂજા અખંડિત એહ;
કપટ રહિત થઈ આતમ અરપણા રે, આનંદઘન પદ રેહ.
ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે.

પંથડો નિહાળું રે બીજા જિનતણો રે, અજિત અજિત ગુણધામ;
જે તેં જીત્યા રે તિણે હું જીતિયો રે, પુરુષ કિશ્યું મુજ નામ ?...પંથડો૦
ચરમ નયન કરી મારગ જોવતો રે, ભૂલ્યો સયલ સંસાર;
જિણે નયણે કરી મારગ જોઇએ રે, નયન તે દિવ્ય વિચાર...પંથડો૦"

તે સ્વરના અનુસારે તેણે અનુમાન કર્યું કે યોગિરાજ દેવાલયમાં બિરાજતા હશે, માટે ચાલ, ત્યાં જ જઇને તેમના સુમધુર કંઠમાંથી નીકળતી ભક્તિનિર્ભર અમૃત રસવાણીનું પાન કરું. એમ વિચારી તેણે દેવાલયમાં પ્રવેશ કર્યો, ને મૌનપણે એક બાજુ ઊભો રહીને જુએ છે તો યોગિરાજ પ્રભુમુદ્રા પ્રત્યે સ્થિર એકતાન દૃષ્ટિ કરી પરમ ભાવોલ્લાસથી લલકારી રહ્યા હતા કે—

"કાળલબ્ધિ લહી પંથ નિહાળશું રે, એ આશા અવલંબ;
એ જન જીવે રે જિનજી! જાણજો રે, આનંદઘન મત અંબ...પંથડો૦"

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમ લલકારતાં યોગિરાજ સમાધિમાં લીન થઇ ગયા.

તે પથિક તો અવધૂતની અદ્‌ભુત એકતાનના, ભક્તિ–તન્મયતા દેખીને દિંગ જ થઇ ગયો. આવી નિર્વ્યાજ અપૂર્વ પરા ભક્તિ તેણે કયાંય પણ કદી દીઠી નહોતી. અધ્યાત્મનિમગ્ન યોગિરાજ આવા ઉત્તમ કોટિના ભક્તરાજ હોઇ, ઉત્કૃષ્ટ ભક્તિ–અમૃતરસની આવી સરસ રસાર્દ્રતા નિષ્પન્ન કરી શકતા હશે, આબાદ જમાવટ કરી શકતા હશે, એ તો એની કલ્પનામાં પણ નહોતું. તેને અત્યારસુધી તો જ્યાં ત્યાં દેવાલયાદિમાં ધામધૂમની ધમાલ, કોલાહલ, બેસુરા રાગડા, નાટકીઆં ગાયનની ઢબનાં નમાલાં જોડકણાં આદિ જોવાનું–સાંભળવાનું મળ્યું હતું. આવી અપૂર્વ શાંતિમય ભક્તિ તેણે કયાંય અનુભવી નહોતી. એટલે યોગિરાજ પ્રત્યેનો તેનો ભક્તિભાવ ઓર ને ઓર વધતો ચાલ્યો, ને મોટેથી તેના ઉદ્‌ગાર નીકળી પડ્યા—'ધન્ય! ધન્ય!'

એટલે યોગિરાજ સહજ સમાધિમાંથી જાગ્રત થઇ પાછું વાળીને જુએ છે તો પથિકને દીઠો. પછી પ્રભુને વંદન કરી તેઓ બહાર નીકળ્યા. પથિક પણ પ્રભુને પ્રણામ કરી તેમની પાછળ પાછળ ચાલ્યો. પછી એક વૃક્ષની છાયા તળે વિશુદ્ધ શિલાપટ્ટ પર યોગિરાજ દૃઢ આસન જમાવીને મૌનપણે બેઠા. પથિકને સંજ્ઞા કરી બેસવાનું કહ્યું, એટલે તે પણ યથોચિત વિનયોપચાર આચરીને બેઠો.

યોગિરાજનું મૌન પણ અદ્‌ભુત બોધ આપતું હતું. તેમની નિર્વિકાર વૈરાગ્યભાવ-પ્રદર્શક સૌમ્ય મુખમુદ્રા, તેમની અદ્‌ભુત સહજ આત્મસમાધિ હજારો ગ્રંથો કે હજારો વ્યાખ્યાનો કરતાં વધારે સચોટ ઉપદેશ આપતી હતી. અરે! પાષાણમયી વીતરાગ જિન-મુદ્રા પણ મૌન વાણીથી તેવો જ અવાચ્ય અનુપમ બોધ આપે છે, તેથી જ 'જિનપ્રતિમા જિન સારખી' એમ કહ્યું હશે, તો પછી આ તો સાક્ષાત્ વીતરાગમુદ્રા, જંગમ ચૈતન્ય-મૂર્તિ, હાલતુંચાલતું '**ચૈત્ય**' તેવો બોધ કેમ ન આપે?

પછી થોડી વારે પથિક મૌનનો ભંગ કરી વિનયથી બોલ્યો. મુનિરાજ! આપે ગઇકાલે વર્તમાન સમાજ, સંપ્રદાય આદિ અંગે મારી જિજ્ઞાસા પરિતોષવાને જણાવ્યું હતું, તો તે સંબંધી આપશ્રીનું વક્તવ્ય શ્રવણ કરવાનો હું અભિલાષી છું. કૃપા કરો!

એટલે ધીર–ગંભીર મિષ્ટવાણીથી યોગિરાજ વદ્યા–હે ભદ્ર! શાંતિથી શ્રવણ કર. બધુંય કહું છું. પણ તે પહેલાં એક વાત તને કહી દઉં તે તું સતત લક્ષમાં રાખજે. સંપ્રદાય આદિ અંગે મેં જે કંઇ કહ્યું હોય કે કહું, તેમાં આ આત્માને કંઈ દ્વેષભાવ નથી કે રાગભાવ નથી. કેવલ નિષ્પક્ષપાત ન્યાયથી, એકાંત મધ્યસ્થતાથી, શુદ્ધ આશયથી પ્રેરિત આત્મહિતાર્થ બુદ્ધિથી મારું સમસ્ત કથન છે; કારણ કે આત્મધર્મ સિવાય બીજો કોઇ મારો ધર્મ નથી, ને તે આત્મધર્મને સિદ્ધ કરે તે સિવાય બીજો મારો સંપ્રદાય નથી. એટલે મારો ઉદ્દેશ અન્યથા હોઇ શકે નહિં.

અને 'સંપ્રદાય' એટલે શું? તે પણ વિચારવા યોગ્ય છે. સત્પુરુષોનો સદ્‌બોધ, સદ્‌ગુરુ પરંપરાદ્વારા, સત્ શિષ્ય. પાત્રપરંપરાને, સમ્યક્‌પણે પ્રદાન કરવામાં આવે તે 'સંપ્રદાય'.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આમ 'સંપ્રદાય' શબ્દનો મૂળ અર્થ તો પ્રશસ્ત છે, પણ વર્તમાન કાળના લોકોએ તેનો સંકુચિત અર્થ કરી નાંખી, ગચ્છ-વાડા આદિના આગ્રહરૂપે તેની સાંકડી મર્યાદા બાંધી લઇ, તેની ઉદાર ભાવનાને કુંઠિત કરી મૂકી છે. એટલે નાના નાના કુંડાળા-નાના નાના વર્તુલો પડી ગયા છે, દોરા-મુહપત્તિ જેવા કે ચોથ-પાંચમ જેવા નમાલા મતભેદોના ઓઠા નીચે ફાંટા પડી ગયા છે, કદાગ્રહો ને સંઘર્ષો વધ્યા છે અને સંઘબળ ઘટયું છે.

જો જિનનો કોઇ સનાતન સંપ્રદાય હોય તો તે આ એક જ અખંડ અભેદ સંપ્રદાય છે ને તે સર્વસંમાન્ય છે કે-'**सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः**',-સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે મોક્ષમાર્ગ છે. પૂર્વે કહ્યું હતું તેમ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની અભેદ એકતા **આત્મામાં પરિણત કરવી** તે મોક્ષમાર્ગ છે. શુદ્ધ આત્માનું સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એટલે કે શુદ્ધ આત્માને દેખવો, જાણવો ને આચરવો તે જ પરમાર્થ મોક્ષમાર્ગ છે. આમ **મોક્ષમાર્ગ** તો **આત્માશ્રિત** છે, તેમાં* દેહાદિ આશ્રિત બાહ્યલિંગ કારણભૂત નથી, જાતિવેષનો આગ્રહ કાર્યકારી નથી. અમુક જાતિવાળાને જ, અમુક વેષવાળાને જ, અમુક લિંગવાળાને જ મુક્તિ પ્રાપ્ત થાય, એ માન્યતા સર્વથા નિર્મૂળ છે. જાતિ-વેષાદિનો ભેદ કે આગ્રહ એમાં અકિંચિત્કર છે. જે પરમાર્થથી ઉક્ત મોક્ષમાર્ગને× સાધે છે, આત્મામાં પરિણમાવે છે તે જ મોક્ષ પામે છે. ( ચાલુ )

**ડૉકટર ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા M. B. B. S.**

*" पासंडिलिंगाणि व गिहलिंगाणि य बहुप्पयाराणि ।
धित्तुं वदंति मूढा लिंगमिणं मोक्खमग्गोत्ति ॥
ण उ होदि मोक्खमग्गो लिंगं जं देहणिम्ममा अरिहा ।
लिंगं मुइत्तु दंसणणाणचरित्ताणि सेयंति ॥ " ઇત્યાદિ.

શ્રી કુંદકુંદાચાર્યજીપ્રણીત શ્રી સમયસાર

×" જાતિ વેષનો ભેદ નહિં, કહ્યો માર્ગ જો હોય;
સાધે તે મુક્તિ લહે, એમાં ભેદ ન હોય."

શ્રીમદ્ રાજચંદ્રપ્રણીત આત્મસિદ્ધિ

मोक्खपहे अप्पाणं ठवेहि तं चेव झाहि तं चेय ॥
तत्थेव विहर णिच्चं मा विहरसु अण्णदव्वेसु ॥ —શ્રી સમયસાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વ્યવહાર કૌશલ્ય

મૌક્તિક

(૨૧૧)

### આજ્ઞાંકિતપણા વગરની સ્વતંત્રતા એ અવ્યવસ્થા છે, સ્વતંત્રતા વગરનું આજ્ઞાંકિતપણું એ ગુલામગીરી છે.

નવયુગમાં ઉછરેલા યુવકો સ્વતંત્રતા ખૂબ માંગે છે એ નવયુગની વિશિષ્ટતા છે. એને પોતાની મરજી પ્રમાણે વર્તવું છે, એને પોતાનાં કાર્યો પર પોતાનો જ કાબૂ હોવાનો દાવો કરવો છે, વળી પોતાના વર્તન માટે પોતે જવાબદાર છે અને એમાં કોઇને હાથ ઘાલવાની કે ચર્ચા કરવાની સત્તા નથી, આ તેની માન્યતા છે. અમુક હદ સુધી આ પ્રકારનું માનસ ઇચ્છવા યોગ્ય પણ ગણાય; એથી માણસને પોતાની જાત પર વિશ્વાસ આવે છે, કામ કરવાનો ઉત્સાહ મળે છે અને એની કાર્યસ્ફુર્તિમાં રંગ જામે છે, પણ સ્વતંત્રતા જ્યારે સ્વચ્છંદતાનું રૂપ લે છે ત્યારે ભારે આકરી પડી જાય છે અને તેના માલેકને તેમજ તેના સંબંધીઓને બહુ નુકસાન કરે છે. જીવનમાં હક્કનો પ્રશ્ન જેટલા રસથી ચર્ચાય છે તેટલો જ રસ 'ફરજ'ની ચર્ચામાં લેવાની જરૂર છે. હક્ક જેમ હાથ ઠોકીને સ્થાપિત થાય છે તેટલા જ જોરથી પ્રત્યેક પ્રાણી જો પોતાની ફરજને ધર્મ તરીકે સ્વીકારે તો સ્વતંત્રતાનો પ્રશ્ન જરા પણ મૂંઝવણ ન કરે. પણ જ્યારે પોતાના હક્કને ભોગવવાની વૃત્તિ થાય અને અન્યના હક્કની કે તેને અંગે પોતાની ફરજની વાત આવે ત્યારે ગલ્લાં તલ્લાં થાય, તો એને પરિણામે ભારે ગોટાળો થાય. લશ્કરનો દરેક માણસ પોતાની મરજી પ્રમાણે વર્તવા ઇચ્છે તો આખું સૈન્ય નષ્ટભ્રષ્ટ થઇ જાય. જીવનસંગ્રામમાં પણ એ જ નિયમ લાગે છે. જેવા શિસ્તની લશ્કરમાં જરૂરીઆત છે તેવા જ આજ્ઞાંકિતપણાની જીવનના પ્રત્યેક પ્રસંગમાં આવશ્યકતા છે. સર્વે પોતાને નેતા કે પંડિત માને તો એ આખું ટોળું ખલાસ જ થઇ જાય. મંડળમાં, જ્ઞાતિવ્યવહારમાં, મેળાવડામાં પરસ્પરના હક્કને અવલંબીને જ સ્વતંત્રતાની મર્યાદા બાંધી શકાય. નહિ તો ભારે ગૂંચવણભરેલી સ્થિતિ જરૂર પ્રાપ્ત થાય. અને માત્ર ખુશામત તથા લોપડચોપડ વૃત્તિ જ જાગે. પોતાની સ્વતંત્ર વિચારણાને સ્થાન ન હોય તો તે નરી ગુલામગીરી છે. એમાં કાંઇ તથ્યાંશ કે સાર નીકળે નહીં. રાજાઓના નોકરો કે અમલદારોની દશા જોઈએ તો એમાં ગુલામી રમતી જણાશે. શેઠીઆઓના નોકરોની ખુશામત જોઈ અનેકને ચીડ આવી હશે. આવા પ્રકારની પરાધીનતા પણ અધમ કોટિમાં જ આવે.

પોતાના હક્કનો જરૂર વિચાર કરવો, પોતાના નિર્ણયને વળગી રહેવાની ચીવટ પણ જરૂર રાખવી, પણ સાથે સામાના હક્કનો પણ વિચાર કરવો, પોતાની ફરજનો ખ્યાલ રાખવો. હઠ કે કદાગ્રહ એ જેમ અધમ દુર્ગુણો છે તેમ જ ખુશામત અને પરાધીનતા પણ દુર્ગુણ જ છે. કુશળ માણસ આજ્ઞા પણ ઉઠાવે અને સાથે પોતાનું વ્યક્તિત્વ પણ જાળવે. એનું સ્વમાન અભિમાન કે મગરૂબીનું રૂપ ન લે, પણ માણસાઇ અને કર્તવ્ય

---

Liberty without obedience is confusion;
Obedience without liberty is slavery. WM. PENN (20-6-41)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સન્મુખ રાખી એ જુસ્સાથી આગળ વધે અને એવા ધોરણે ચાલતાં કદાચ પૈસા કે માનની નુકસાની ખમવી પડે તો થોડો વખત ખમી પણ લે. સ્વતંત્રતા જરૂરી છે, સ્વચ્છંદતા હાનિકર છે. આત્મવંચકતા મહા બૂરી વસ્તુ છે અને સર્વગ્રાહી લક્ષ્ય રાખી સ્વમાનપોષણમાં સાચી માણસાઇ છે.

( ૨૧૨ )

## તમારો નિર્ણય મુલતવી રાખો.

તમે હકીકત નજરે જોઇ હોય, તમને એને અંગે ખુલાસા કે બચાવની શક્યતા પણ ન લાગતી હોય; તમે તે હકીકતના બચાવમાં કાંઇ પણ વાત હોય એની અસંભવિતતા જોઇ શકતા હો, તો પણ તમારાં મનનાં દ્વાર બંધ ન કરો, ઉતાવળો નિર્ણય ન કરો, ઝટપટ ફેંસલો ન આપી દો; જરા થોભો, જરા અટકો અને છેવટનો નિર્ણય કરી નાખવાની ઉતાવળ ન કરો.

નજરે દેખેલી વાત ખોટી પડે છે, ન ધારેલી રીતે બચાવ નીકળી આવે છે, અણધારેલી જગ્યાએથી ખુલાસો થઈ જાય છે અને પછી તો એટલું મોડું થઇ જાય છે કે આપેલ અભિપ્રાય કે ઉચ્ચારેલ મતને ફેરવવાનો સમય પણ રહેતો નથી. માટે યાદ રાખો કે આ જીવન એટલું સંકીર્ણ છે કે ઘણી વખત ખુલાસો તદ્દન સાદો હોય છે, પરિસ્થિતિ મુદ્દામ વિચાર(પરામર્શ)ને માગતી હોય છે અને બનેલ ઘટનાની પાછળનો ઇતિહાસ અથવા તેમાં ખરડાયલી વ્યક્તિઓના પ્રસંગો નજરે જોયેલી વાતનું આખું સ્વરૂપ ફેરવી નાખે છે અને કોઇ કોઇ વાર તો તદ્દન ઊલટા આકારને રજૂ કરનાર નીવડે છે.

તમારા પોતાના જીવનના અનેક પ્રસંગો યાદ કરશો તો સામાની ઉતાવળે તમને થયેલા સેંકડો અન્યાયો યાદ આવશે. આકરા સ્વભાવના શેઠો કે કડવા અમલદારોના વિચિત્ર ફાંટાને પરિણામે હાજર ખુલાસા પણ થઇ શક્યા નથી એવા અનેક પ્રસંગો તમે સંભારી શકશો અને એવા એકતરફી ફેંસલાથી થયેલા અન્યાયના અનેક પ્રસંગો તમે યાદ કરી શકશો. જેમ તમારા સંબંધમાં બન્યું હોય તેમ તમે પણ અન્યને એવા અન્યાયો કેમ નહિ કરી બેઠા હો !

માટે ઉતાવળ ન કરો. જરા તેલ જુઓ, તેલની ધાર જુઓ, એનું સ્વરૂપ વિચારો અને સામાને પોતાનો બચાવ કરવાની પૂરતી તક આપો. 'એક ઘાના બે કકડા' કરવાની ટેવથી અનેક માણસો હેરાનપરેશાન થઇ ગયા છે, અનેક અન્યાયનો ભોગ થઇ પડ્યા છે અને અનેકનું જીવન બરબાદ થઇ ગયું છે તે તમારા અનુભવનો વિષય છે; માટે નિર્ણય કે ફેંસલો કરવાની ઉતાવળ ન કરો. તમારા પૂર્વબદ્ધ અભિપ્રાયોને આધારે અથવા અમુક વાત બની અને નજરે જોઇ તેને આધારે પણ ફેંસલો આપવાની દોડાદોડી ન કરો. આવી ઉતાવળમાં અથડામણ અને ગેરઇન્સાફને બહુ સ્થાન છે. શાંતિથી વાતને વિચારો, સામાને પૂછી જુઓ, તમારા દોરદમામમાં અટવાઇ જઇ ઓડનું ચોડ તો વેતરતા નથી એની ખાત્રી કરો અને કાંટા( તુલા )ના ન્યાયે બરાબર તોલ કરો. સાહસિક ઉતાવળીઆ નિર્ણય ઘણી વાર ખોટા નીવડે છે એ તો આપણે અનેક વાર જાતે અનુભવ્યું છે અને દુનિયામાં જોયું છે. 'ઉતાવળા સો બાવરા, ધીરા સો ગંભીર' એ લાક્ષણિક મહાન્ સત્ય છે. માટે ઉતાવળથી નિર્ણય ન કરો.

"Reserve your judgement" ( 12-8-41 )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રભાવિક પુરુષો

## પટ્ટધર બેલડી (૬)

"આચાર્ય મહારાજશ્રી ! નમસ્કાર" ભદ્રશંકરે વસતીસ્થાનમાં પ્રવેશતાં મસ્તક નમાવી કહ્યું અને વિશેષમાં જણાવ્યું કે—

"પૂજ્યશ્રી! આપનું આગમન આ તરફ મારા આગ્રહથી થયું છે છતાં હું એવા વિષમ સંયોગોમાં મૂકાયો છું કે એ પાછળનો મારો ઉદ્દેશ સફળ થશે કે કેમ? એ એક ગૂંચભર્યો સવાલ છે. ખેર જે થાય તે ખરું પણ સૌ પ્રથમ તો મને એ જણાવો કે આપ સર્વના આહાર સંબંધમાં કેવા પ્રકારની વ્યવસ્થા ઉચિત થઇ પડશે ?"

"વત્સ! તારે જરા પણ નિરાશ થવાની જરૂર નથી. આ પ્રદેશ તરફ વિહરવાના અંગુલીનિર્દેશમાં સાચે તું નિમિત્તરૂપ છે, છતાં અમને તો નવનવા પ્રદેશના પરિભ્રમણમાં જાતજાતના અનુભવો પ્રાપ્ત થયા છે. જો કે ક્ષુધા–તૃષા–શીત આદિ બાવીશ પ્રકારના પરીષહ સહન કરીને સાધુજીવનના આચારનું પાલન કરવાનું હોય છે, છતાં આ વેશની પવિત્રતાથી કહો કે જનસમૂહમાં સંત–મહાત્માઓ પ્રત્યેની અસીમ ભક્તિથી કહો, પણ આહાર–પાણીના અભાવે અમને ઉપવાસ કરવાનો પ્રસંગ અમારા આ લાંબા વિહારમાં જવલ્લે જ આવ્યો છે, એમ કહેવામાં અતિશયોક્તિ નથી. એવે સમયે થતી તપવૃદ્ધિને અમારા જૈન દર્શનમાં સ્થાન તો છે જ. ઇતર કોઇપણ દર્શન કરતાં જૈન દર્શન તપકરણી પ્રતિ વધુ નમેલું છે. સંવર–નિર્જરાના પ્રાપ્ત થતાં દરેક પ્રસંગો બહુમાનપૂર્વક ઝીલી લેવાની તો ખાસ એ શિક્ષા આપે છે; એટલે કદાચ વિહારમાં એમ બન્યું હોત તો પણ અમને એનું જરા માત્ર દુઃખ ન થાત. બાકી આ દક્ષિણ પ્રદેશમાં પગલા પાડવાથી અમારા અનુભવમાં ઘણી વૃદ્ધિ થઇ છે એ કાંઇ નાનોસૂનો લાભ નથી.

"ભાઇ ! તારે અમારા આહારપાણીની વ્યવસ્થા કરવાની જરૂર નથી; તેમ એની ચિંતા ધરવાનું કારણ પણ નથી. એક તો અમને વસતિ આપવાથી તું શય્યાતર બનેલ છે એથી અમારા યતિધર્મના નિયમ અનુસાર તારા ઘરનો આહાર તો અમને કલ્પે જ નહીં. વળી તારે ત્યાં તાજેતરમાં મરણ થયું છે એટલે વ્યવહાર માર્ગ પણ એમ કરવામાં આડી લીંટી દોરે છે. બાકી એ પ્રશ્ન તો લગભગ ઉકલી ચૂકયા જેવો છે. આ સ્થાનમાં પગ મૂકતાં જ થોડાક આસપાસ રહેતાં મનુષ્યોનો સંપર્ક અમારી મંડળીને સહજમાં થયો. પરંપરની પ્રશ્નોત્તરીથી એકબીજાના વહેવાર જાણી લેવાયા. ખપમાં આવે તેવું પાણી મળી ચૂકયું છે અને ગોચરી અર્થે નિમંત્રણ થઇ ચૂકયા છે."

"ગુરુજી! સંતના પગલે પગલે મંગળિકની માળા પથરાય છે એ જનવાયા ખરેખર સાચી છે. આપે મારે ત્યાં મૃત્યુપ્રસંગ આ લોકોની વાત પરથી જાણ્યો કે કોઇ અન્ય નિમિત્તથી ? કેમકે શહેરમાં પ્રવેશ, મારા વડિલ બંધુની સાથે કર્યો છે. એની વાત પરથી તો સહજ પરખાઇ ગયું છે કે મેં જ્યારે આપને આ તરફ ઉતારો દાખવી, પિતાના મૃત્યુની વાત સંભળાવી ત્યારે જ એમણે જાણ્યું. એ પછી એમની ચક્ષુઓમાંથી આંસુઓનો જે પ્રવાહ વહી રહ્યો છે તે હજુ પણ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બંધ નથી થયો! આટલું પોચું હૃદય તો નારીજાતિમાં પણ ન સંભવે. પિતારૂપ શિરછત્ર જતાં પુત્રને શોક તો થાય. મને કંઇ નથી લાગ્યું એમ નથી. બાકી 'દુઃખનું ઓસડ દહાડા' એ અનુભવસિદ્ધ ઉક્તિ છે. શોક કર્યે ગયેલાં ઓછાં જ પાછાં ફરે છે. મરદનો શોક આંસુથી ન મપાય, એ જોવા સારુ તો હૃદય પ્રતિ વળવું પડે. માતુશ્રીએ એટલું જ કહ્યું કે–'ભાઇ! તું મળ્યા વિના ચાલ્યો ગયો ત્યારથી એક દિવસે પણ તને સંભાર્યા વિના નથી રહ્યા. જો કે મૃત્યુશય્યા સમયે આ 'ભદ્રિક' આવી પહોંચ્યો અને એને જોતાં શાંતિ વળી છતાં તારા તરફનો તેમનો સ્નેહ આખરની ઘડી પર્યંત નિશ્ચળ રહ્યો. જીવનદીપ બુઝાવાની પળે પણ 'વરાહ' આવ્યો કે? એમ મંદ પડી ગયેલા સાદે પૂછેલું. જો કે માતાએ તો આ વાત પુત્ર પ્રત્યે પિતાનું વ્હાલ કેવું ગાઢ હતું એ બતાવવા સામાન્ય સ્વરૂપે વર્ણવી, પણ પરિણામ જુદું જ આવ્યું. ત્યારથી ભાઇને એવો આઘાત લાગ્યો છે કે હજુ પણ શોક ઓછો થતો નથી. હાથમાં દાતણ સરખું પકડતાં નથી. ફક્ત 'ઓ પિતા! ઓ પિતા!' એવો પોકાર જ કર્યા કરે છે. બહુ વાર સમજાવું છું પણ જાણે તેમનું મગજ બહેર ન મારી ગયું હોય તેમ એની કંઇ જ અસર થતી નથી. આખરે થાકીને આપની પાસે એ હેતુએ આવ્યો છું કે એક તો આપ સરખા અતિથિની સગવડનો પ્રબંધ કરું અને આપ સરખા શ્રમણના ધ્યાનમાં આને લગતો કંઇ ઇલાજ હોય તો જાણી લઉં. મોટાભાઇના આ વર્તાવે તો અમોને વધુ વિમાસણમાં મૂકી દીધાં છે. મૃત્યુ પાછળની બીજી ક્રિયા આટોપવાની ગમ પણ પડતી નથી."

"વત્સ! તેં આંકેલું ચિત્ર એ તો તારા ગૃહમાં અત્યારે યથાર્થ બની રહેલ બનાવનું ઉચિત ભાન કરાવે છે. જ્ઞાની પુરુષોએ આવા તો કંઇ કંઈ જાતના ચિત્રો પોતાના જ્ઞાનબળે નિરખ્યા છે અને સંસારમાં આકંઠ ડૂબેલા મોહગ્રસ્ત માનવોને માર્ગસૂચક થઇ પડે એ સારુ એમાંનાં કેટલાકને સાહિત્યના પાને પણ ચઢાવ્યા છે. સ્નેહના પાશ ગાઢતર અને તીવ્રતમ હોય છે. મોહનીય કર્મની માયાજાળમાંથી કોઇ વીરલો જ બચવા પામ્યો છે.

"વાસુદેવ કૃષ્ણ મહારાજના શબને બળદેવ સરખા સમજુ આત્માએ છ મહિના સુધી ખભે લઇને ફેરવ્યાની વાત કોણ નથી જાણતું? એ પાછળ મોહરાજના દોરીસંચાર વિના બીજું છે પણ શું? આમ તો અજાતશત્રુ જીવનની આખરી ઘડી સુધી શ્રેણિક મહારાજનો વિરોધી રહ્યો, પણ સતી ચેલણાની એક વાત સાંભળતાં એનાં નેત્રપડળ ખુલી ગયાં. વિરોધ ટાળવા એણે કમર કસી–કુદરતને એ વાત મંજૂર નહિ, ત્યાં જુદું જ બન્યું. પિંજરમાં પૂરાયેલ શ્રેણિકરાજે આપઘાત કર્યો. એ બનાવે અજાતશત્રુના મન પર એવો તો સખત આઘાત પહોંચાડ્યો કે ત્યારપછી એને રાજગૃહીમાં પળવાર પણ ચેન ન પડયું. વારંવાર પિતાના મૃત્યુની સ્મૃતિ ચક્ષુ સામે તરવરવા લાગી. આખરે રાજધાની ફેરવીને ચંપા નગરીમાં લઇ ગયા, ત્યારે જ પેલા બનાવની અસર રાજવીના મગજ પરથી ભુંસાવા માંડી અને થોડા સમયમાં પૂર્વવત્ આચરણ આરંભાયું. વાત વિસારે પડી ગઇ. જ્યાં ભલભલા જાણકારો ગોથાં ખાઇ જાય છે ત્યાં તારા બંધવનો અપવાદ ક્યાંથી સંભવે? એના મસ્તકમાંથી એ પ્રીતિનો છેદ ઉરાડવો જોઇએ. એમાં કામ આવે તેવું રસાયન અમારા શ્રમણોના હાથમાં છે. એનું નામ વૈરાગ્ય, રાગના પાસમાં જકડાયેલ જીવને વીતરાગની વાતો-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વડે જ છોડાવી શકાય. ચાલ, હું તારી સાથે આવી એ રામબાણ ઈલાજ અજમાવું."

તરત જ આચાર્ય શ્રી યશોભદ્રસૂરિએ બગલમાં રજોહરણ અને હાથમાં દાંડો લઈ, ભદ્રશંકર સાથે તેના ઘરની દિશામાં પગલાં પાડ્યા. ઘરમાં પ્રવેશ કરતાં પૂર્વે જેવા પ્રકારનું ચિત્ર ભદ્રશંકરે દોર્યું હતું તેવા પ્રકારની દશા પ્રવર્તતી જોવામાં આવી. વરાહમિહિર પિછાનવાળા સંતને જોતાં ઊભો થઈ સામે આવ્યો અને એકદમ પોકારી ઉઠ્યો—

"મહારાજ! મારા પિતા ક્યાં ચાલી ગયા? તમે મને એક વાર તેમના દર્શન ન કરાવો? હું તમારો એ માટે જીવનભર ઋણી રહીશ."

" હે વત્સ! તને ' દર્શન કરાવું. ' સૂરિજી બોલ્યા અને આગળ કહેવા માંડ્યું કે " ભાગ્યવાન! એ સારુ હું જે કંઈ કહું તે તારે એકચિત્તથી સાંભળવું પડશે તેમજ એ પ્રમાણે વર્તન કરવું પડશે. સંસારમાંથી વિદાય થઈ ગયેલા આત્માના દર્શન કંઈ સહેલાં નથી પડ્યાં! એ માટે પણ વિધિ-વિધાન જરૂરી છે."

" મહારાજ સાહેબ! આપ જે કંઈ કહેશો તે હું કરીશ. ફકત મને એક વાર પિતાશ્રીનું મુખને જોવાનું મળે તેમ કરો.' '

" જો ભાઈ! તું વેદાન્તનો અભ્યાસી છે. એમાં કહેવામાં આવ્યું છે કે દુનિયામાંનાં સર્વ પદાર્થો ચલ-વિચલ સ્વભાવના છે. જે સવારે દેખાય છે તે મધ્યાહ્ને જોવામાં આવતું નથી અને એ બપોરના દૃશ્યનું પરિવર્તન સંધ્યા કોઈ જુદી રીતે જ કરી વાળે છે! ' **चलाचले संसारे, धर्म एको हि निश्चलम्** ' કહેલ છે તે કંઈ ખોટું નથી. એ ધર્મ તે આત્મધર્મ છે. આ ઘર, પેલા વાડી બંગલા, બજારમાં ચાલી રહેલ વણજ-વેપાર, રાજદરબારમાં થઈ રહેલી મસલતો અને રોજના ક્રમમાં એકધારો ભાગ ભજવતાં ખાન-પાન કે આનંદ-વિલાસ એ શાશ્વત દશાવાળાં નથી. અરે! આ આપણા શરીર પણ નાશવંત છે. જો કોઈ પદાર્થ અમર હોય તો તે એક માત્ર આપણો આત્મા જ છે. એ આત્માને શસ્ત્રો છેદી શકતા નથી અને અગ્નિ બાળી શકતો નથી. આવરદાનો છેલ્લો ઘંટ વાગતાં જ એ એના વર્તમાન ખોળિયાનો ત્યાગ કરે છે. સંચિત કરેલ સદ્-અસદ્ કમાણીના પ્રમાણમાં નવો અવતાર ધારણ કરે છે. દેહ બદલાય છે. શરીર જુદા પ્રકારનું મળે છે પણ આત્મા તો એનો એ જ રહે છે. આ પ્રકારનો ક્રમ જ્યાં લગી આત્મા પોતાની મૂળ સ્થિતિનો સાક્ષાત્કાર નથી કરતો ત્યાં લગી ચાલ્યા જ કરે છે. ચોરાશી લાખ જીવયોનિમાં જન્મવું અને આયુષ્યનો અંત આવતાં મરવું એ એનો કાર્યક્રમ બની રહેલો છે; તેથી તો '**मरणं प्रकृतिः विकृतिः जीवनमुच्यते** ' એવા શ્લોકની રચના થઈ છે. એટલા સારુ તો વ્યવહારમાં બોલાય છે કે– '**पुनरपि जननम्, पुनरपि मरणम्, पुनरपि जननीजठरे शयनम्**' કર્મ અનુસાર માનવ મટી પશુ પણ બનવું પડે છે અને દેવતાઈ ભોગો જોતજોતામાં ક્યાંયે ઊડી જાય છે. મીઠી કરણીનો બોજ વધી પડે તો નરકના દ્વાર ખખડાવવા આ આત્માને ફરજીયાત જવું પડે છે. એમાં નથી તો ષટ્ખંડ ચક્રવર્તી આડો હાથ ધરી શકતો કે નથી તો ત્રિખંડાધિપતિ વાસુદેવ મીન-મેષ કરી શકતો!

" જ્યાં પરિસ્થિતિ આમ છે ત્યાં ઓ ભૂદેવ મહાશય! શું તમે એટલું પણ નથી સમજી શકતા કે કર્મરૂપી પરતંત્ર દશાના પિંજરે સપડાયેલ આત્મા ઇચ્છિત સ્થાને પોતાની મનીષા મુજબ રહી શકે છે કિંવા ધારણા પ્રમાણે વર્ષો ગાળી શકે છે. ખરો? હરગીજ નહિ. આમ છતાં જ્ઞાનશક્તિદ્વારા હું તમને તમારા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પિતાશ્રીના દર્શનનો યોગ બતાવીશ પણ એ સારુ મગજનું સમતોલપણું આવશ્યક છે, માટે આ શોક તજી દઇ, આવશ્યક કાર્યમાં ચિત્ત પરોવો. ઘડીભર મનમાં કલ્પી લ્યો કે પિતાશ્રી પરદેશ ગયા છે. આજે આટલું બસ છે."

આચાર્યશ્રીની યુક્તિ પુરસ્સર વાતથી વરાહમિહિરે વહેવારમાં ચિત્ત પરોવવા યત્ન કર્યો. આવશ્યક કાર્યો કરવા માંડ્યા. આમ છતાં પિતાનો વિરહ તદ્દન તો ન ભૂલી શકાણો.

સૂરિમહારાજે પણ પ્રતિદિન કલાક દોઢ કલાક એ માટે વૈરાગ્યની વાતો કાઢી, એવી રીતે સમજાવવા માંડી કે ઘનાચ્છાદિત આકાશ જેમ ભસ્મરાશિના તપ્ત કિરણોથી સ્વચ્છ થવા માંડે તેમ વરાહમિહિરનો મનોપ્રદેશ પણ મોહનાં પડલ તૂટવાથી શુદ્ધ બનવા માંડ્યો. અનિત્ય ભાવનાનો ઓપ એ પર વધુ ચઢવા લાગ્યો. સંસારમાં કોઇ કોઇનું નથી એ સૂત્ર હૃદયમાં દ્રઢપણે અંકિત થયું. દરરોજના કાર્યોમાં સ્ફુર્તિ આવવા માંડી. પાંચમા દિવસે સૂરિમહારાજે પ્રવેશ કરતાં જ પ્રશ્ન કર્યો.

"કેમ વિપ્ર મહાશય ! પિતાની સ્મૃતિનો મોહ–પાશ છૂટ્યો કે નહીં ?"

"પૂજ્ય મહારાજ સાહેબ ! આપશ્રીના વચનોથી મારા મનમાં એટલું તો ચોક્કસ થયું છે કે 'ગયું તે પાછું આવતું નથી' મરનાર ને રોનાર મનુષ્યની દશા પણ નિરાળી તો નથી જ, છતાં કોઇ કોઇ વાર એવો તરંગ ઊઠે છે કે જેમ સતી સાવિત્રીની પવિત્રતાએ પોતાના પ્રીતમને નવજીવન અપાવ્યું હતું તેમ મારા સામર્થ્યના જોરે મારા પિતાના થોડા વર્ષો હું ન વધારાવી શકું ?"

"વરાહમિહિરજી ! એ શકય નથી જ. એક ક્ષણ માત્ર આયુષ્ય વધારી શકાતું નથી એમ પરમાત્મા શ્રી મહાવીરદેવનું કથન છે અને એ વિચારણા કરવાથી સુતરાં ગળે ઉતરી જાય તેવું પણ છે. પાંચ કારણના જોરે આ સંસારચક્ર અસ્ખલિત ગતિએ વહી રહ્યું છે. તમારા મંતવ્ય મુજબ ખૂદ ઇશ્વર જગતનો કર્તા હોવા છતાં તે એમાં હસ્તક્ષેપ કરી શકતો નથી. સાવિત્રીના ઉદાહરણમાં ભાવ જુદો જ છે. એના પતિની બેભાન સ્થિતિ એની પવિત્રતાના બળથી ચાલી ગઇ સંભવે છે. બાકી એક વાર પ્રાણ પંખેરું વિદાય થયું તો પછી એને પુનઃ દેહરૂપી પિંજરમાં માનવશક્તિ સ્થાપિત કરવા અશક્ત છે. અલબત કેટલાક પ્રસંગોમાં દૈવી શક્તિના દર્શન જુદી રીતે ભાવ ભજવે છે છતાં એ માયાજાળ કે ઇંદ્રજાળ છે. એ સ્થિતિ કાયમી સ્વરૂપ પકડી શકતી નથી. આ તો વાસ્તવિક સ્થિતિ સમજાવી. હવે મારો પ્રશ્ન એક જ છે કે–તમારે સોમશર્મા પુરોહિત અર્થાત્ તમારા પિતાના દર્શન કરવા છે ? જો કરવા જ હોય તો કોના કરવા છે ? એમના આત્માના કે દેહના ?

"સોમશર્માનો દેહ તો આ ભદ્રશંકરે જાતે આગ મૂકી બાળી દીધો છે. એના દર્શન મૂળરૂપે હવે શકય છે જ નહીં. જો આત્માના દર્શન કરવા હોય તો એ શકય છે કેમકે આત્મા કદાપિ મરતો જ નથી; ફક્ત એક દેહ છોડી બીજા દેહમાં પ્રવેશે છે. જ્ઞાનીની દૃષ્ટિ સોમશર્મા આ વિપ્ર દેહ ત્યજી દઇ કયા શરીરમાં વસે છે એ સ્પષ્ટ જોઇ શકે છે. એ જ્ઞાનના બળથી હું પણ દર્શાવી શકું કે ફલાણા પ્રદેશમાં સોમશર્માના જીવે નવું ખોળિયું ધારણ કર્યું છે. પણ એથી તમારા મનનું સમાધાન શકય નથી જ. તમો જે પ્રકારે જોવા ઇચ્છો છો તે કેવળ આત્માને કે દેહને નહીં પણ, દેહયુક્ત આત્માને–પુરોહિતના વ્યવસાયરક્ત આત્માને અર્થાત્ આ સ્થળમાં જીવન પાંગરનાર સોમશર્મા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ને ! સોમશર્માનો આત્મા નવીન રૂપમાં એકાદા સૂક્ષ્મ અર્ભકના ગર્ભરૂપે જ્ઞાનબળે જોનાર જ્ઞાની પણ તમને દેખાડે તો પણ તમે એ વાત ચક્ષુથી જોઇ માનવાના નથી; કેમકે વહેવારના તોલે તોલતાં કે ચર્મચક્ષુના માપે માપતાં એ સાચી દેખાવાની નથી. એ માટે જ્ઞાનચક્ષુઓ જોઇએ, તે તમારી પાસે છે નહીં. બાકી કેવળ-જ્ઞાની ભગવાનને તો આ વિશ્વના સર્વ પદાર્થ હસ્તામલકવત્ પ્રત્યક્ષ છે. ક્યાં તો એવી સ્થિતિ મેળવવાનો નિશ્ચય કરો અને એ પ્રાપ્ત થતાં માત્ર આ ભવના પિતા સોમશર્માને જ નહિં પણ એ પૂર્વેના ભવોના સંખ્યાતીત પિતાઓને જોઇ શકશો; પરંતુ એ જાતની લાલસાને મૃગજળ માની સર્વથા અંતરમાંથી ઉખેડી નાંખી. જગતનો વહેવાર જે રીતે પ્રવર્તે છે એમાંના તમો પણ એક છો, એમ અવધારી લઇ, એ તરંગોને ભૂંસી નાખી આવશ્યક કામે લાગી જાઓ.

"હજારોના મરણ જેમ સમયના વહેણમાં ભૂતકાળનો વિષય બની ગયા તેમ પુરોહિત સોમશર્માના મૃત્યુને પણ બનવા દો. યાદદાસ્ત સ્વાર્થને આભારી છે. બાકી તો **वत्स ! क्षीरक्षयं दृष्ट्वा, परित्यजति मातरम्** જેવું છે.

"આચાર્યશ્રીની તેજદાર ને અર્થગર્ભિત વાણીએ વરાહમિહિરના ડોલાયમાન મનને મૂળ સ્થિતિ પર મૂકી દીધું. પુંડ્રવર્ધનના સ્વામી તરફથી સ્વર્ગસ્થ પિતાનું પુરોહિતપદ સંભાળી લેવાનું કહેણ આવેલું છતાં વડિલ ભાઈની માનસિક અસ્થિરતા નિહાળી કંઇ ઉત્તર વાળી શકેલ નહીં. આજે ભદ્રશંકર ઉચિત પોશાકમાં સજ્જ થઇ, દરબારમાં પહોંચ્યો. રાજવીએ સહજ પ્રશ્ન કર્યો : "શું વરાહમિહિર હજુ પરદેશથી પાછો નથી ફર્યો ? પુરોહિતનું પદ તમારા ઉભયમાંથી કોણ સાચવશે ? આટલા દિવસ શું એની વિચારણામાં વ્યતીત થયા કે કંઇ બીજું કારણ છે ?"

"મહારાજાધિરાજ ! આપના બધાયે પ્રશ્નોનો જવાબ મારી વાત સાંભળતાં મળી જાય તેમ છે. એ સારુ તો હું અહીં આવ્યો છું." એમ કહી ભદ્રશંકરે વરાહમિહિરના આગમન બાદ જે બનાવ ભજવાઇ રહ્યો હતો તે અક્ષરશઃ વર્ણવી બતાવ્યો. એમાં આચાર્યશ્રી યશોભદ્રસૂરિનો પ્રસંગ પણ એક કરતાં વધુવાર આવી ગયો-વર્ણન સમાપ્ત કરતાં તેણે જણાવ્યું કે-"હવે વડીલ ભાઇ પુરોહિત પદ સંભાળી શકે તેવી શક્તિ ધરાવતા થઈ ગયા છે, બાકી મારી ઈચ્છા માતુશ્રીની તબિયત ઠીક થયે, મોટા ભાઇને ગૃહસ્થાશ્રમી બનાવી પધારેલ વિદ્વાન સંતના ચરણમાં વસવાની અને જ્ઞાનાર્જન કરવાની છે. એમનામાં વિદ્વત્તા તો છે જ પણ સાથે અભિમાનનો છાંટો સરખોયે નથી. ક્ષમા-શમતા આદિ ગુણોથી મારું હૃદય તેમના પ્રતિ પ્રથમ પરિચયે જ આકર્ષાયું હતું. અને હવે તો આ આકર્ષણ અતિ દૃઢ બંધે બંધાયું છે. આવા પરોપકારીનો સહવાસ પૂરા ભાગ્ય હોય તો જ પ્રાપ્ત થાય. મુખમાં આવેલ કવલ કોણ ગુમાવે ?"

"ભદ્રશંકર ! તેં પણ યોગ્ય અવસરે હાજરી આપી. અમો આ વેળા નૂતન વર્ષના કાર્યક્રમનો વિચાર કરતા હતા. અમે એ વિદ્વાન સૂરિને પધારવાનું આમંત્રણ રાજ્ય તરફથી મોકલશું, છતાં તારા અતિથિ છે એટલે ખાસ આગ્રહ કરજે. જ્ઞાનીના જ્ઞાનનો લાભ લેવો એ તો જીવનનો લ્હાવો છે."

વાચક ! ગયા અંકમાં જોઇ ગયેલ પ્રસંગ આ વાતને આભારી હતો એમ સહજ સમજી શકાશે. હવે આગળ શું બને છે તે જાણવા તત્પર બનજે. (ચાલુ) **ચોકસી**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ સ્તવન.

શ્રી ચિંતામણિ પાસજી, અરજ સુણો એક આજ;
તું તો જગતારણ જયો, આપ અવિચલ રાજ. ૧
સેવક સેવા નિત્ય કરે, સાહિબ દિલમાં ધાર;
જગત આધાર જિણેસરુ, તાર તાર પ્રભુ તાર. ૨
જેમ કમલાકર ભમરલો, જેમ મોરાં મન મેહ;
મુજ મન તુજ ચાહે ઘણું, રાખવા અવિહડ નેહ. ૩
ભવ અટવી ભીષણ ઘણું, ભમતો ભવહ મઝાર;
ઇણ ભવ તું જિનજી મળ્યો, તો તારો સંસાર. ૪
નગર ખંભાતની મધ્ય છે, ચોકસ ચોકસી પોલ;
તિહાં ચિંતામણિ પાસજી, ભેટે અતિ રંગરોલ. ૫
સંવત ઉંતર એંસીસમેં, શ્રાવણ શુદિ છે સાર;
આઠમ ને શુક્રવાર છે, બેઠા દેહરા મઝાર. ૬
અરજ કરું આગળ રહી, સુણજો દેવાધિદેવ;
મુગતિસોમ કહે આજથી, કરવી તુમચી સેવ. ૭

( ૨ )

આજ અપૂરવ દિન ભલો, ભેટ્યો શાંતિ જિણંદો રે;
દરિસણ દીઠે જેહને, ઉપજે અતિ આણંદો રે. ૧
પારેવો જેણે રાખીયો, શરણાગતિ સાધારો રે;
પ્રભુ ચરણે જે આવશે, તે તરશે સંસારો રે. ૨
શાંતિકરણ શ્રી શાંતિજી, જગના વિઘન નિવારો રે;
સેવક સામું દેખીને, કાં કરુણા નવિ ધારો રે. ૩
નિત્ય ઉચ્છવ નવલાં સહી, પૂજા વિવિધ પ્રકારો રે;
ચોમુખ ચાહી વંદીએ, ચોકસી પોળ મઝારો રે. ૪
કહું છું બે કર જોડીને, સુણજો તે ચિત્ત ધારી રે;
મુગતિસોમ કહે જાણજો, વિનતડી છે માહરી રે. ૫

### ગરબો

( રાગ–ઝીણા ઝરમર વરસે મેહ–એ લય. )

સુણો સુણોને સજની સાજ, વીર જિનની વાણી;
ધારો ધારો અંતરમાં આજ, વીર જિનની વાણી. સુણો૦ ૧
સાખી–અબાધિત ને સત્ય સ્વરૂપી, ત્રિવિધ દુઃખને કાપે રે;
સ્વરપૂરિત જોજન સંભળાયે, સુણે પર્ષદા બાર. વીરજિનની વાણી. સુણો૦ ૨
સ્યાદ્વાદ ગુંજારવ કરતાં, વંદતાં શ્રી ભગવંત રે;
કર્મ તૂટતાં શિવ ગણાયે, છે જીવ બ્રહ્મ સ્વરૂપ. વીરજિનની વાણી. સુણો૦ ૩
ચાતક સમ ભવિ જીવો તલસે, વાણી અમૃત ધાર રે;
અનેક તર્યા તરશે એનાથી, વદે વીરનાં બાળ. વીરજિનની વાણી. સુણો૦ ૪

મગનલાલ મોતીચંદ શાહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 156

## બુકો વેચાણ મગાવનારને સૂચના

શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્રનો સેટ, શ્રી ઉપદેશપ્રાસાદ ભાષાંતરનો સેટ તથા શ્રી ઉપમિતિ ભવપ્રપંચા કથાનો સેટ મગાવનારને જણાવવાનું કે-સેટની જે કિંમત ઓછી લેવામાં આવતી હતી તે હવેથી બુકોમાં જણાવ્યા પ્રમાણે પૂરી લેવામાં આવશે.

## શ્રી વૈરાગ્યકલ્પલતા ગ્રંથ

ઉપાધ્યાય શ્રી યશોવિજયજીકૃત આ પદ્યબંધ ગ્રંથ અમદાવાદનિવાસી પંડિત ભગવાનદાસ હરખચંદ તરફથી હાલમાં બહાર પડેલ છે. ગ્રંથ ઉપમિતિ ભવપ્રપંચા કથાનું સ્મરણ કરાવે તેવો તે જ સ્વરૂપમાં બનાવેલો છે. અત્યુત્તમ ગ્રંથ છે. શ્લોક સંખ્યા સાત હજાર છે. કિંમત રૂા. ૬) રાખેલ છે તે અમારે ત્યાંથી પણ મળશે. જરૂર મંગાવો ને લાભ લ્યો.

## શ્રી ગુણવર્મા ચરિત્ર ભાષાંતર

મૂળ સંસ્કૃત ઉપરથી પંડિત પાસે શુદ્ધ ગુજરાતીમાં ભાષાંતર કરાવીને પં. શ્રી વીરવિજયજીના ઉપાશ્રય તરફથી હાલમાં પ્રગટ કરવામાં આવેલ છે. કિંમત આઠ આના. ખાસ વાંચવા લાયક છે. પોસ્ટેજ બે આના. જરૂર મંગાવો. અમારે ત્યાંથી મળી શકશે.

સત્તર ભેદી પૂજા કરનારની ૧૭ કથાઓ આમાં છે.

## पंच प्रतिक्रमण सूत्र–मूळ. शास्त्री

હિંદી સુંદર ટાઇપમાં છપાવેલ આ બુકમાં પંચ પ્રતિક્રમણ, નવ સ્મરણ, ચૈત્યવંદન, સ્તવન, સ્તુતિ છંદ તથા વિધિઓ વિગેરેનો સમાવેશ કરેલ છે. વિદ્યાર્થીઓને ખાસ અભ્યાસ કરવા યોગ્ય છે. કાગળની અતિશય મોંઘવારી છતાં જ્ઞાન–પ્રચારનો હેતુ જાળવવા માટે અમે કિંમત વધારી નથી. છૂટક નકલના આઠ આના. સો નકલના રૂા. ૪૫). પોસ્ટેજ ત્રણ આના.

## સ્નાત્ર સંગ્રહ અને અષ્ટપ્રકારી પૂજા.

આ બુક હાલમાં જ અમે છપાવી છે. તેમાં શ્રી દેવચંદ્રજી તથા પં. વીરવિજયજીના સ્નાત્ર ઉપરાંત પૂર્વાચાર્યકૃત સ્નાત્ર જે હાલમાં પ્રચારમાં નથી તે દાખલ કર્યું છે. તેમાં શ્રી ઋષભદેવનો ને પાર્શ્વનાથનો એમ બે કળશ છે. જેને પાંચ સ્નાત્ર ભણાવવા હોય તેને માટે શાંતિનાથજીનો કળશ પણ આ બુકમાં દાખલ કર્યો છે. ત્યારપછી શ્રી દેવવિજયજીકૃત અષ્ટપ્રકારી પૂજા દાખલ કરી છે તે અષ્ટપ્રકારી પૂજા કરતાં દરેક પૂજાના પ્રારંભમાં બોલવા લાયક છે. તેમાં તે પૂજા સંબંધી જ વર્ણન છે. ખાસ કંઠે કરવા લાયક છે. કિંમત ત્રણ આના રાખવામાં આવી છે. ખાસ મંગાવો.

મુદ્રકઃ શાહ ગુલાબચંદ લલ્લુભાઇ–શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ, દાણાપીઠ–ભાવનગર

For Private And Personal Use Only